# કલરવ

(બાળવાર્તા)



લેખક : પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ

4BGK2

# કલરવ

લેખક: પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

❖ પુસ્તકનું નામ : કલરવ

❖ પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ - ૬.

❖ પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૨૦૦૦

❖ પ્રત : ૧૧૦૦

❖ કિંમત : રૂા. ૧૫-૦૦

❖ મુદ્રક : સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ - ૧,
ફોન : ૫૬૨ ૩૭ ૬૧

# પ્રકાશકના બે બોલ.



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી 'કલરવ' પુસ્તક બાળકોના હાથમાં મૂકતાં ભારે આનંદની લાગણી વ્યક્ત કરે છે. ટ્રાક્ટ સોસાયટીની વિવિધ સેવાઓમાં બાળ સાહિત્ય સરખામણીમાં ઓછું પ્રસિધ્ધ થયું છે. જે બાબત વિશે અમે સભાન છીએ.

આ ખોટ પૂરવામાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના ભૂતપૂર્વ સેક્રેટરી પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબે સતત જહેમત ઉઠાવી હતી. અને આ અતિ મહત્ત્વનું અને યાદગાર પુસ્તક પ્રગટ કરતાં પ્રિ. ભગવતસાહેબ પ્રત્યે આદર અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. તેઓ આપણી મધ્યે નથી, તેમ છતાં બાળકો અને નવી પેઢીને માટે ખૂબ અમૂલ્ય વારસો 'કલરવ' પુસ્તક સ્વરૂપે તેઓ મૂકતાં ગયા છે.

આ પુસ્તક એ સમગ્ર ખ્રિસ્તી સમાજને માટે આશીર્વાદનું કારણ બની રહેશે તે હકીકત છે, અને પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબ આ પુસ્તક વસાવે અને બાળકોને ઉત્તેજન આપવાને માટે મંડળીઓ અને સન્ડેસ્કૂલો પણ આ પુસ્તક ખરીદી બાળકોને પ્રેમભેટ આપે તેવી અપેક્ષા અસ્થાને નથી.

આ અમૂલ્ય બાળસાહિત્ય આપણે પ્રાપ્ત કરી શકીએ માટે પ્રિ. ભગવતસાહેબના ભત્રીજી શ્રીમતી રોઝમેરીબહેન સી.ચૌહાણ તરફથી તેમનાં પિતાશ્રી ચૂનીલાલ આર. સૈનિકની પ્રેમભરી યાદમાં પોતાના કાકાશ્રી પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબના આ પુસ્તક માટે રૂા. ૧૦,૦૦૦/- ખાસ દાન પેટે આપવામાં આવ્યા છે તે બદલ સમગ્ર પરિવારનો આભાર માનીએ છીએ, તે ઉપરાંત વિવિધ પ્રકાશનો માટે પણ પ્રિ. ભગવતપ્રસાદ સાહેબના ઘણા કુટુંબીજનોએ જે ઉદાર દાનો આપ્યાં છે, તેની પણ આભાર સાથે નોંધ લઇએ છીએ.

'કલરવ' ની પ્રત્યેક વાર્તા ચોક્કસ હેતુ સાથે લખવામાં આવી છે. માટે આ પુસ્તકનો વ્યાપક ઉપયોગ આવનાર પેઢીના ખ્રિસ્તી પોષણ અને વૃધ્ધિ માટેનું સબળ સાધન બની રહેશે, એવી પ્રાર્થના સહ વહાલાં બાળકોને સમર્પિત કરીએ છીએ.

ઈસ્ટર પર્વનાં પવિત્ર દિવસો દરમ્યાન આ પુસ્તક પ્રગટ કરતા પુસ્તકનાં લેખક પ્રિન્સીપાલ ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબને પ્રેમાંજલિ આપીએ છીએ.

**રેવ. નિકોલસ પરમાર**

સેક્રેટરી

**ઈસ્ટર, ૨૦૦૦** ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# શ્રી. ચૂનીલાલ આર. સૈનિક



શાંત અને સૌમ્ય મુખમુદ્રા ધરાવતા, પ્રેમ અને સાદાઇને વરેલા, "ચૂનીભાઈ" ના હુલામણા નામે જાણીતા શ્રી. ચૂનીલાલભાઈ આર. સૈનિક ઈશ્વરપરાયણ હતા. તેમણે ઈશ્વરપિતાને પોતાના જીવનનું અર્પણ કર્યું હતું. તેથી તેમણે જીવનના અંગત અનુભવો તેમનાં ગીતોમાં મોકળાશથી વ્યક્ત કર્યા છે. તેમાંયે તેમનું હૃદયસ્પર્શી ગીત 'ઇશ, લે મજ જીવન ભેટ ધરું' તેમનાં બધાં જ કાવ્યોમાં શિરમોરસમું છે.

આ ગીત તેમણે તોટક છંદમાં રચ્યું છે. સને ૧૯૪૫માં 'ખ્રિસ્તીબંધુ'માં તે સૌ પ્રથમ પ્રસિદ્ધ કર્યું. તે પછી ૧૯૪૬માં 'ભજનસંગ્રહ' માં આ મધુર ગીતને અનોખું સ્થાન મળ્યું છે. આ મધુર ગીત ગાતાં ગાનારને ખૂબ પ્રેરણા અને પડકાર આપે છે.

ચૂનીલાલભાઈએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે ઓળખ્યા હતા, તેથી તેમના જીવનમાં આવેલા પરિવર્તનનું પ્રતિબિંબ એક સુંદર ગીતમાં કેવું પડ્યું છે !

તેમનાં ગીતો વ્યક્તિને પોતાના જીવનનું અર્પણ કરવા પ્રેરે છે. તેમનાં ધાર્મિક માતાપિતાએ તેમના જીવનમાં આત્મિક સિંચન કર્યું હતું. રેવ. રણછોડભાઈ ભગવાનદાસ અને માતા કંકુબહેનના તે જયેષ્ઠ પુત્ર થાય. ચૂનીભાઈનો જન્મ ૩૦મી ઑક્ટોબર ૧૯૦૫માં ભવાનીપુરામાં થયો હતો. ભવાનીપુરા તેમનું મોસાળ થાય.

ગામઠી શાળામાં તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું. ત્યાર પછી તેમણે આણંદ મિશન શાળામાં અભ્યાસ કર્યો. અમદાવાદની પી. આર. ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષકના વ્યવસાય માટે તાલીમ લીધી. વિદ્યાર્થીકાળ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેમણે નામના મેળવી હતી. આ પછી ઈશ્વરવિદ્યાનું શિક્ષણ પ્રાપ્ત કરવા તેઓ અમદાવાદની સ્ટીવન્સન ડિવિનિટી કૉલેજમાં જોડાયા. આ ઉપરાંત ખાનગી શાસ્ત્રાભ્યાસનો ૭ વર્ષનો કોર્સ પણ કર્યો.

સને ૧૯૨૮માં તેમનાં લગ્ન સુનીતિબહેન સાથે ગોધરામાં થયાં. સુનીતિબહેન વાલેસપુરનિવાસી શ્રી. ભીખાજી મોતીજીના પુત્ર શ્યામજીભાઈનાં દીકરી થાય. તેમનું લગ્નજીવન ખૂબ આશીર્વાદિત હતું. પતિ-પત્ની બંનેએ શિક્ષક તરીકે તથા સુવાર્તિકો તરીકે ઉમદા સેવાઓ આપી હતી.

ભરૂચ તથા રાજકોટની મિશન શાળાઓમાં પણ તેમણે શિક્ષક તરીકે સેવાઓ આપી. ત્યાર પછી આશીપુર, કરમસદ, બોરીઆવી, ખંભાત, અમદાવાદ, રાજકોટ, કીકવાડ, ઘોઘા તથા

વાલેસપુરમાં સુવાર્તિક તરીકે સેવાઓ આપી. સુવાર્તાપ્રચારમાં તેમને ઊંડો રસ હતો. એક હિન્દુ સાધુને તેમ જ અનેક શોધકોને તેમણે ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપ્યું હતું.

સુવાર્તિકનું સેવાકાર્ય કરતાં તેમણે કાવ્યલેખન પ્રવૃત્તિ જારી રાખી હતી. તે ઊંડા અભ્યાસી હતા. ઈશ્વરપિતાના અદ્‌ભુત પ્રેમનો અનુભવ તેમણે પોતાનાં કાવ્યો દ્વારા પ્રસિદ્ધ કર્યો હતો. ખ્રિસ્તીબંધુ, બાલવાડી, જયખ્રિસ્ત, માર્ગસંગિની, અને ક્રિશ્ચિયન ન્યૂઝમાં તેમનાં ગીતો-ગરબાં પ્રસિદ્ધ કર્યાં હતાં.

ચૂનીલાલભાઈએ 'સૈનિક' તખલ્લુસથી લેખનકાર્ય કર્યું. પણ પછી તો તે 'સૈનિક' ના નામથી જ ઓળખવા લાગ્યા, અને 'સૈનિક' નામે જ લેખો, કાવ્યો, પ્રસિદ્ધ કર્યાં. તેઓ ખ્રિસ્તના એક નિરાભિમાની નિર્વ્યસની સૈનિક હતા. નિવૃત્ત જીવનમાં પણ વિવિધ સેવા કરતાં કરતાં ૧૯૭૭ના માર્ચની ૩૧ના ગુરુવારે તેમણે જીવનની દોડ પૂરી કરી. ઈશ્વરપિતાએ તેમને પરમધામમાં તેડાવી લીધા. તેમના જ્ઞાનનો આશીર્વાદિત વારસો તેઓ સમાજને ચરણે મૂકતા ગયા.

## અનુક્રમણિકા


ગિદિયોન ........................ ૧

ગિદિયોનનું યુધ્ધ ................... ૫

એક ખેડૂત અને ચાર પરીઓ ........... ૯

અબોલ કુંવરી ..................... ૧૪

બેહિસ્તનો બાગ .................... ૨૦

જોડિયા ભાઈ બહેન ................. ૨૯

એક વફાદાર કૂતરાની વાત ........... ૩૬

શહીદી .......................... ૪૨

એક ગરીબ છોકરી નેન્સી ............ ૪૮

પથ્થરનું આ નગર ................. ૫૭

કરુણા .......................... ૬૪

જાડો અને પાતળો .................. ૭૨

ત્રણ દોસ્તની વાત .................. ૭૬

વિરાટકાય દેડકો .................... ૮૪

સંતના આશીર્વાદ .................. ૯૧



# गिदियोन

# ગિદિયોન

- ભગવતપ્રસાદ ચૌહાણ

ઓફ્રાહ નામનું ઈઝરાયેલનું એક ગામ. તેમાં યોઆશ નામનો માણસ રહે. યોઆશને ગર્વ હતો કે એ જુવાન હતો. યહૂદી હતો. એને એક દીકરો હતો. દીકરાનું નામ ગિદિયોન હતું.

એ બંને ઘણી વાર સાથે ફરવા જતા. રસ્તામાં પિતા યોઆશ દીકરાને અલકમલકની વાતો કહેતા. એ દીકરાને મૂસાની અને યહોશુઆની વાતો કહેતા. એ બંને કેવા પરાક્રમી હતા તેની વાતો કહે. એ દીકરાને પાણીથી ભરપૂર યરદન નદી બતાવી કહેતા જો, ત્યાંથી યહોશુઆએ આ નદી પોતાના લશ્કર સાથે ઓળંગેલી. નદીમાં ત્યારે પૂર આવેલું પણ આપણા જીવતા દેવે નદીનાં પૂરને જાણે કે બાંધી દીધેલું. પાણી સ્થિર થઈ ગયેલાં. યહોશુઆનું આખું લશ્કર નદી પાર કરી ગયું ત્યાં સુધી એ પાણી સ્થિર રહેલાં- એક દીવાલની જેમ ઊભાં રહી ગયેલાં ઓહ! એ કેવા દિવસો હતા!" કહી એણે એક ધીમો નિસાસો નાંખેલો.

બીજા એક પ્રસંગે તે ગિદિયોનને યરિખો નામના શહેર પાસે લઈ ગયો. તેનો કોટ આખે આખો-જાણે કોઈકે ફૂંક મારી હોય તેમ-તૂટી પડેલો હતો. ચારે તરફ તૂટેલી ઈંટો અને રોડાં પડેલાં. "આ તો યહોશુઆનો સૌથી મોટો વિજય હતો.-અને તે પણ કોઈ તલવાર કે બંદૂક વિના!

એક અઠવાડિયા સુધી યહોશુઆના સૈનિકો આ શહેરની આસપાસ એક અઠવાડિયા સુધી દરરોજ ફર્યા. છેલ્લે દિવસે એમણે રણગર્જના કરી. પોતાનાં રણશિંગડાં ફૂંક્યાં.....

ગિદિયોને આતુરતાથી પૂછયું. "પિતાજી પછી શું બન્યું?"

"મારા દીકરા, કોટની દીવાલો તો કડડભૂસ થઇને આપોઆપ તૂટી પડી! ઈંટો ધડાધડ ધસી પડી! ઇઝરાયેલી લશ્કર શહેરમાં ઘૂસી ગયું! આપણા જીવતા દેવે મોટો ચમત્કાર કર્યો!"

"તો આજે એ જીવતા દેવ ક્યાં છે? આપણે કેમ આ જંગલોમાં લપાતાં-છુપાતાં જીવવું પડે છે?" ગિદિયોને પૂછયું.

"હું પણ એજ વિચારું છું. બેટા, એ જીવતા દેવ ક્યાં છે? એ એમનાં બાળકોની દુર્દશા કેમ નિભાવે છે? આપણાં દુઃખો સામે કેમ જોતા નથી?" એક નિસાસો નાંખી યોઆશે કહ્યું. પછી એ ઊંડા વિચારમાં જાણે કે ખોવાઇ ગયા.

સાચી વાત તો એ હતી કે ઇઝરાયેલીઓએ જીવતા દેવ સામે બંડ કર્યું હતું. જીવતા ઇશ્વરની આજ્ઞાઓને ઉથાપી હતી. એમની પાસે યહોશુઆ અને મૂસા જેવા સારા આગેવાનો પણ નહોતા પડોશીઓ પણ જાણે કે લોહીના તરસ્યા દુશ્મનો બન્યા હતા. તેઓનાં ધાડેધાડાં આવતાં અને ઊભા પાક સળગાવી દેતા. ઇઝરાયેલીઓને જીવ બચાવવા નાસી જવું પડતું. તેઓ ડુંગરાઓની ગુફાઓમાં સંતાઇ રહેતા.

ઇઝરાયેલીઓએ એક બીજી દુષ્ટતા પણ કરેલી. તેઓએ પોતાને માટે મૂર્તિઓ બનાવેલી. આવી મૂર્તિઓ ઠેરઠેર-પહાડો ઉપર, નદીઓને કાંઠે, વૃક્ષો નીચે દેખાતી. અરે, જીવતા દેવમાં વિશ્વાસ રાખતાં યોઆશે પણ એક મૂર્તિ બનાવેલી! પ્રભુનો કોપ ન ઊતરે તો જ નવાઇ!

હવે ગિદિયોન હટ્ટોકટ્ટો જુવાન બન્યો હતો. વિશાળ છાતી ને સ્નાયુબધ્ધ શરીર. ચહેરા ઉપર દાઢીમૂછ ફૂટ્યાં હતાં.

એ પોતાના દ્રાક્ષાકુંડની અંદર ઘઉં ઝૂડતો હતો. કારણ કે, એ પણ દુશ્મનોથી બીતો હતો. ત્યાં જીવતા દેવે તેને દર્શન દીધું. તેને કહ્યું, "તું તારા બાપનાં બળદ લે. તારા પિતાએ પરદેશી દેવની જે યજ્ઞવેદી બનાવી છે તેને તું તોડી પાડ. ત્યાં મારે માટે નવી વેદી બાંધ. ત્યાં તું મને અર્પણ ચઢાવ!"

તે જ રાતે ગિદિયોને પ્રભુની આજ્ઞાનો અમલ કર્યો. તેણે બાલની વેદીને ઉખાડી નાંખી. ત્યાં તેણે જીવતા દેવ માટે વેદી બાંધી. તેણે અશેરા નામની દેવીની પ્રતિમા તોડી નાંખી. તેમાંથી નીકળેલાં લાકડાં વડે જીવતા દેવને આહુતિ ચઢાવી.

બીજે દિવસે ગામલોકો ગુસ્સે થઇ ગયા. બાલદેવ ને અશેરાદેવીનું કોણે અપમાન કર્યું હતું? ત્યાં તો ગિદિયોનનું નામ ખૂલ્યું. ગામલોકો તો જીવતા દેવને ભૂલી ગયા હતા. તેઓ ગિદિયોનને પથ્થરો મારી, મારી નાખવા માગતા

હતા. પણ યોઆશ સામે પડ્યો. તેણે ગિદિયોનનો પક્ષ લીધો. તેણે કહ્યું, "જો બાલદેવ ને અશેરાદેવી સાચાં હશે તો એ પોતે બદલો વાળશે!" એમ કહી એણે ગિદિયોન તરફ આંખ મિચકારી. ગિદિયોન હસ્યો. પિતાપુત્ર હવે એક થઈ ગયા હતા.


ગિદિયોનનું યુદ્ધ

# ગિદિયોનનું યુધ્ધ

તે પછી ગિદિયોને ઈશ્વરને પ્રાર્થના કરી.

"જીવતા દેવ, હું બીજાઓ જેવો અભિમાની નથી. હું તો વિસાત વગરનો માણસ છું. મારું કુટુંબ કે મારું ગોત્ર મહત્ત્વનાં નથી, એ તો સામાન્ય માણસો છે. તો પછી પ્રભુ તમે મને કેમ આ સોંપો છે-આ વેદીઓને તોડી પાડવાનું અને મિદ્યાનીઓ જેવા દુશ્મનો પર હુમલો કરવાનું મને શા માટે કહો છો?"

"જ્યારે તું કબૂલ કરે છે કે તું નબળો છે ત્યારે મારે તારે માટે લડવું જોઈએ, એવું તું સ્વીકારે છે," ઈશ્વરે જવાબમાં કહ્યું.

પરંતુ ગિદિયોનને હજુ ખાતરી થતી નહોતી, વિશ્વાસ પડતો નહોતો. તેથી તેણે પ્રભુ પાસે એક નિશાની માગી. "જીવતા પ્રભુ આજે રાતે હું મારા ખળામાં ઘેટાનું થોડું ઊન મૂકીશ. જો સવારે માત્ર ઊન ઉપર જ ઝાકળ હશે અને બધી જમીન કોરી રહેશે, તો હું સમજીશ કે તમે મારે પડખે છો, મારી સાથે છો."

બીજે દિવસે સવારે ઊન પર એટલું બધું ઝાકળ પડ્યું કે ગિદિયોન ઝાકળથી એક પ્યાલો ભરી શકે! બાકીની જમીન તો સૂકી ભઠ હતી. હજુયે ગિદિયોન થોડાક અવઢવમાં હતો. એણે ફરીથી ઈશ્વરને કહ્યું કે, "આ વખતે

માત્ર ઊન કોરું રહે અને બાકીની જમીન ઝાકળ ભીની હોય એવું કરો!"

પ્રભુએ એવું જ કર્યું. બીજી સવારે ઊન કોરું રહ્યું અને જમીન ભીની. ગિદિયોનને હવે ખાતરી થઇ ગઇ. તે નીચો નમી બોલ્યો, "જીવતા દેવ, તમે ઇઝરાયેલને બચાવવા મને આહ્વાન ને તેડું આપો છો. તો ભલે, તમારી ઇચ્છા પ્રમાણે થાય! હું તૈયાર છું!"

ગિદિયોને ઇઝરાયેલીઓને લડાઇની હાકલ કરી કે તરત જ બત્રીસ હજાર પુરુષો તેની સાથે જોડાવા આવી પહોચ્યાં. પરંતુ પ્રભુએ તેને કહ્યું. "યાદ રાખજે, હું તો નબળાઇને જ પરાક્રમનું સાધન બનાવીશ. માત્ર ત્રણસો માણસોને તારી સાથે રાખી બાકીના પુરુષોને ઘેર મોકલી આપ."

ગિદિયોને પ્રભુના હુકમનો અમલ કર્યો. એણે મોટા ભાગના લશ્કરને વિદાય કર્યું. પછી તે અને તેનું નાનકડું લશ્કર ડુંગરોમાં છુપાઇ ગયું. નીચેના મેદાનમાં મિદ્યાનીઓનું લશ્કર પડેલું હતું. આખું લશ્કર ડુંગર ઉપરથી તીડના કાફલા જેવું દેખાતું.

અંધારું ઓઢીને ગિદિયોન અને તેના બે મિત્રો મિદ્યાનીઓની છાવણીમાં તપાસ કરવા નીકળ્યા, ફરજ પરના રક્ષકો ઊંઘતા હતા તેઓ છેક છાવણી પાસે જઇ પહોંચ્યા. છાવણીના એક તંબૂમાં એક મિદ્યાની સૈનિક તેના મિત્રને કહેતો હતો. "ગઇ રાતે મને એક ભયાનક સ્વપ્ન

આવ્યું. જવની એક રોટલી આપણી છાવણી ઉપર ગબડતી ગબડતી આવી અને તેણે એક તંબૂને જમીનદોસ્ત કરી નાખ્યો!"

"એ સ્વપ્નનો અર્થ તો દીવા જેવો સ્વષ્ટ છે. એ રોટલી તે ગિદિયોનની તલવાર છે અને તંબૂ તે આપણે છીએ!"

બહાર ગિદિયોન પ્રભુને પગે પડ્યો. તેણે આભારની પ્રાર્થના કરી. "જીવતા પ્રભુ, આ મિદ્યાનીઓ તો લડ્યા પહેલાં જ હારી ગયા છે!"

પોતાની છાવણીમાં જઈને પોતાના ત્રણસો માણસોને તેણે ત્રણ ટુકડીઓમાં વહેંચી નાખ્યા, તેણે દરેક માણસને એક ખાલી બરણી તેમાં મશાલ મૂકીને આપી. દરેકના હાથમાં એક રણશિંગડું મૂક્યું. મધરાત પહેલાં તેમણે મિદ્યાનીઓની છાવણીને ઘેરી લીધી. ગિદિઓને નિશાની આપતાં જ તેમણે રણશિંગડાં વગાડ્યાં અને બરણીઓ ફોડી નાખી. પોતાની મશાલો ઊંચી કરીને તેમણે વિજયનો લલકાર કર્યો. "પ્રભુનો જય! ગિદિયોનનો જય!"

મિદ્યાનીઓ માટે તો આટલું જ પૂરતું હતું. ત્રણસો ઘડા કે બરણીના ફૂટવાથી તેઓ ગભરાઇ ગયા હતા. ઘણા અંધકારમાં તેમને કંઇ સૂઝતું નહોતું હાંફળાં ફાંફળાં બહાર ધસી જતાં તેમને મશાલોનો ઝબૂકતો પ્રકાશ પહાડીઓ પર દેખાયો. તેઓને લાગ્યું કે તેઓ હજારો દુશ્મનોથી ઘેરાઇ ગયા છે!

કશુંયે વિચાર્યા વિના તેમણે તલવારો ખેંચી. કશુંયે સૂઝતું નહોતું. તેઓ અંદરઅંદર લડવા લાગ્યા. ચારેય તરફથી જાણે ગર્જનાઓ વહી આવતી હતી. "પ્રભુનો જય! ગિદિયોનનો જય!" છેવટે તો મિદ્યાનીઓ જાણે મહાત્રાસથી ગભરાઇ ગયા એકબીજા પર પ્રહારો કરતા તેઓ જીવ લઇને નાઠા! ગિદિયોનના લશ્કરે તેમનો પૂર્ણ સંહાર કર્યો. ગિદિયોનનો વિજય થયો.


એક ખેડૂત અને ચાર પરીઓ

# એક ખેડૂત અને ચાર પરીઓ

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. ત્યારે અત્યારની જેમ મોટરો અને ટ્રેઈનો નહોતી. પગે ચાલીને જ બધો વ્યવહાર થતો. શહેરો ખૂબ ઓછા હતા. અને વધુ પ્રમાણમાં ગામડાંઓ હતાં.

આવા એક ગામમાં એક ખેડૂત વસે. એને એક પત્ની અને ચાર બાળકો, પરંતુ આ ગ્રામજન એટલે આળસનો કીડો! કશુંક કરવા જાય એટલે એને આરામ કરવાની જાણે ફરજ પડે. દિવસના ચોવીસ કલાક જાણે એને ઊંઘવા માટે ઓછા પડે! આવા માણસનું કુટુંબ મોટે ભાગે કફોડી હાલતમાં જીવે એમાં શી નવાઇ! ઘરમાં તો હાલ્લાં કુસ્તી કરે! બપોરનું જમવાનું મળે તો સાંજના જમવાના ફાંફાં પડે! બહાર ભલે સૂરજ પ્રકાશતો હોય આ ઘરમાં અંધારા છલકાતા હોય. પૈસાની ખૂબ તંગીમાં આ કુટુંબ જીવે.

એક દિવસની વાત છે. ઘરમાં ખાવાનું નહિ. છોકરા કકળાટ કરે. જ્યારે આપણા આળસુ રાજા તો મહેલમાં ઊંઘતા હોય એમ ઊંઘે. પત્નીનો મિજાજ ગયો. આ શું? છોકરા ભૂખે મરે છે અને આ એદી બાપને ચિંતા નથી, એણે તો ધક્કો મારીને પતિને જગાડ્યો. પતિ આંખો ચોળતો બેઠો થયો, "શું છે? મારી ઊંઘ કેમ હરામ કરી? મને તો રાજાના સપના આવતા હતાં!" પતિએ આંખો ચોળતા કહ્યું. પત્નીએ કહ્યું "જો તમે હાલ ને હાલ બહાર જઇને કંઇ પૈસા કમાવી નહિ લાવો તો હું તમારાં રડતાં

કકળતાં છોકરાઓને ઝેર આપીશ. ઘરને સળગાવી દઈશ, કૂવામાં પડી આપઘાત કરીશ, સમજ્યો!" પત્નીએ લાલચોળ આંખે કહ્યું.

"ભલે ભાઈસાબ મને કશું જમવાનું તો બનાવી આપ. પછી હું તરત જ બહાર નીકળું છું. મારાં છોકરા ભૂખે મરે એ મારાથી કેમ વેઠાય? ખેડૂત તો તરત જ નાહી ધોઈ તૈયાર થઈ ગયો, એની પત્ની હૃદયથી ભલી હતી. એને સારા પડોશીઓ મળ્યા હતાં. એ તો જઈ એક ભલા પડોશી પાસેથી પતિ અને બાળકો માટે લોટ માગી લાવી. પડોશીએ જરીકે કચવાટ વગર આપ્યું. એણે તરત જ લોટમાંથી ધણી માટે તરત જ ચાર રોટલી બનાવી. એણે પતિના ફેંટા સાથે આ રોટલીઓ બાંધી. આળસુ ખેડૂત તો કમાવા નીકળી પડ્યો. ઘર આગળ જ રસ્તો હતો.

ધોરી માર્ગ ઉપર એ આગળ ને આગળ ચાલ્યો. તાપ ચડ્યો હતો. ગરમી તો કહે મારું કામ. પરસેવે રેબઝેબ ખેડૂત એક કૂવા પાસે આવીને બેઠો. એણે પોતાનો ફેંટો છોડ્યો. એને ખૂબ ભૂખ લાગી હતી. એને થયું કે ચારે રોટલી સાથે ખાઈ જાઉં તો મુશ્કેલી પડે. તેથી તેણે ફેંટામાંથી રોટલીઓ કાઢી પછી બોલ્યો. "એક ખાઉં? બે ખાઉં? ત્રણ ખાઉં કે પછી ચાર ખાઉં?" થોડી વાર પછી તે ફરીથી બોલ્યો "એક ખાઉં? બે ખાઉં? ત્રણ ખાઉં કે ચાર ખાઉં?"

બન્યું એવું કે એ કૂવામાં ચાર પરીઓ રહેતી હતી.

એમણે સાંભળ્યું કે "એક ખાઉં, બે ખાઉં, ત્રણ ખાઉં કે ચાર ખાઉં?" ત્યારે ચારે પરીઓ ગભરાઇ ગઇ. એમને લાગ્યું કે કૂવાની પાળ ઉપર કોઇ રાક્ષસ બેઠો છે, એ અમને ચારેને ખાઇ જવા માંગે છે.

ગભરાઇ ગયેલી પરીઓ એક સાથે કૂવામાંથી બહાર આવી. વળીનેં પ્રણામ કરી તેમણે કહ્યું, "સાહેબ અમે તો ચાર બહેનો છીએ. અમને એકબીજા પ્રત્યે ખૂબ પ્રેમ છે. તે અમે સાથે જ રહીએ છીએ તેથી અમે આપને બે બક્ષિસ આપવા માંગીએ છીએ. એ લો અને અમને જવા દો."

પરીઓની વાત સાંભળી ખેડૂત રાજી થઇ ગયો. એણે પૂછયું. "તમે મને શી ભેટ આપશો?" પરીઓએ તેને એક વાસણ આપ્યું. એક વાટકો કે કટોરો આપ્યો. સાથે સાથે લાકડામાંથી કોતરી કાઢેલ એક આકૃતિ આપી. પછી કહ્યું "આ વાટકા પાસેથી તમે માગશો તે ખાવાનું મળશે. આ પૂતળાને તમે કહેશો તે કામ કરશે."

ખેડૂત તો ભલો હતો. તેણે પરીઓને આશીર્વાદ આપ્યા. તેણે કહ્યું, "ભગવાન તમારું ભલું કરે." પરીઓએ પણ તેને કહ્યું, "ભગવાન તમને આશીર્વાદ આપે પછી પરીઓ પોતાના કૂવામાં જતી રહી. હર્ષઘેલો ખેડૂત પોતાને ઘેર જવા નીકળ્યો. રસ્તામાં રાત પડવા આવી હતી. તેથી એક ગામમાં રોકાઇ ગયો. તેણે પોતાના યજમાનને કહ્યું "મિત્ર, મારે તો આજની રાત રોકાઇ જવું છે, મારે માટે ખોરાક બનાવવાની તકલીફ લેવાની જરૂર

નથી. હકીકતમાં તો તમે માંગશો એ હું તમને જમાડીશ."

ઘરનાં બધાં ખુશખુશ થઇ ગયાં. ખેડૂતે તો પેલા વાટકાને આજ્ઞા કરી એટલે તેણે ભાતભાતના પકવાન અને ફળ હાજર કરી દીધાં. પેલા માણસની પત્ની ઈર્ષ્યાળુ હતી. એણે વાસણો ધોવા ઉઠવાનું કહ્યું. પેલા ખેડૂતે તો પૂતળાને આજ્ઞા કરી બધું સાફ કરાવી દીધું. બધાં સૂઇ ગયાં ત્યારે પેલી ઈર્ષ્યાળુ સ્ત્રીએ ખેડૂતનો વાટકો અને પૂતળુ બદલી નાંખ્યા અને એને સ્થાને એના જેવા જ બીજા સાધનો મૂકી દીધાં.

વહેલી સવારે ખેડૂત ઊઠયો પોતાને રસ્તે પડ્યો. એ ખુશીમાં ઝૂમતો હતો. શું બન્યું એની એને ખબર પડી નહતી. સવારે ખેડૂત એના ઘેર પહોંચી ગયો એને વહેલો પાછો આવેલો જોઇને એની પત્ની ગુસ્સે થઇ. ખેડૂતે માંડીને પરીઓની બધી વાત કહી એટલે બધાં રાજી થઇ ગયાં. ખેડૂતે પેલા વાટકાને ભાતભાતના પકવાન હાજર કરવાનો હુકમ કર્યો. પણ કશો જવાબ મળ્યો નહિ. ખેડૂતે પેલા પૂતળાને હુકમ કર્યો પરંતુ ત્યાં પણ કશો ઉત્તર મળ્યો નહિ. ખેડૂત તો દુઃખી થઇ ગયો. એની પત્નીએ ગુસ્સે થઇ કહ્યું "તમે આળસુ તો છો જ પરંતુ સાથે જૂઠા પણ છો જ હવે જઇને તમારી સગલી પેલી પરીઓને આ નકામાં વાસણો આપી દો અને તમારી સાથે આવી છેતરપિંડી કેમ કરી તેનો ખુલાસો કરો જાવ તમારું મોઢું કાળું કરો."

ખેડૂત તો દુઃખી થઇ માથે ફેંટો બાંધી નીકળી પડ્યો. કૂવા પાસે જઇને એ રીતસરનો રડી પડ્યો એનું રૂદન

સાંભળી પેલી પરીઓ બહાર આવી. ખેડૂતને રડતો જોઇ એમને દુ:ખ થયું. એમણે એને રડવાનું કારણ પૂછયું. ખેડૂતે બધી માંડીને વાત કરી તે પરીઓએ સાંભળી, પરીઓએ કહ્યું. "અમે તો તમારાથી ડરી જઇને વાટકો અને પૂતળું આપ્યા હતાં હવે તમે પોતે છેતરાયા છો. હવે અમે તમને એક દોરડું અને એક લાકડી આપીએ છીએ. એ લઇને તમે જયાં ઉતર્યાં હતાં ત્યાં જાઓ. તમે હુકમ કરશો એટલે ખરો ગુનેગાર પકડાઇ જશે. એટલે તમને સાચો વાટકો અને પૂતળું મળી જશે."

ખેડૂત તો પરીઓનો આભાર માની જેને ત્યાં રાત રોકાયો હતો એ માણસને ત્યાં ગયો. પેલી સ્ત્રી તો એને જોઇને સંતાઇ ગઇ. ખેડૂતે હુકમ કર્યો એટલે પેલા દોરડાએ જઇને એને બાંધી દીધી. પેલી લાકડીને હુકમ કર્યો એટલે એણે એને ફટકારવા માંડી. સ્ત્રીએ રડતાં રડતાં બધું જ કબૂલી લીધું. એણે પેલા ખેડૂતને અસલી વાટકો અને અસલી પૂતળું પાછા આપી દીધાં એટલે ખેડૂતે જવા દીધી.

ખેડૂત તો ખુશીમાં આવી ગયો એ ગાતો ગાતો પોતાને ઘેર ગયો. એણે પેલા સાચા વાટકાને હુકમ કર્યો. ભાતભાતના પકવાન હાજર કરી દીધા. ખેડૂત, એની પત્ની અને બાળકોએ ધરાઇને ખાધું. પછી તો તેમને કશાયની ખોટ રહી નહિ. પરીઓએ આખા કુટુંબને ઉગારી લીધું હતું.


અબોલ કુંવરી

# અબોલ કુંવરી

એક વિશાળ દેશ. તેમાં એક ભલો રાજા રાજ્ય કરે. રાજાને સમૃધ્ધિનો પાર નહિ. એની સંપત્તિનો પાર નહિ. દેશમાં વરસાદ સારો પડે, એટલે પાક સારો થાય. તેથી પ્રજા પણ સુખી.

પરંતુ રાજાને એક વાતનું દુઃખ, એને ત્યાં શેર માટીની ખોટ. એની અને એના મહારાણીની તીવ્ર ઇચ્છા કે રાણીનો ખોળો ભરાય, આથી રાજા ખૂબ ખૂબ પ્રાર્થના કરે. પ્રાર્થનામાં વિશ્વાસ, પ્રાર્થનાના પરાક્રમમાં વિશ્વાસ તેથી એ મહેલમાં હોય ત્યારે પણ પ્રાર્થના કરે. શિકારમાં હોય ત્યારે પણ પ્રાર્થના કરતો જ હોય.

આવા શ્રધ્ધાળુ રાજાની પ્રાર્થના ઈશ્વરે સાંભળી. રાણીનો ખોળો ભરાયો. પૂરા સમયે એણે દીકરીને જન્મ આપ્યો. રાજારાણી તથા આખી પ્રજા બધાં ખુશખુશાલ થઇ ગયા. ઠેર ઠેર ઉત્સવો ઉજવાયા. પ્રજાએ આનંદ કિલ્લોલ કર્યો.

એકની એક દીકરી અને તેય વળી મોટા રાજાની એટલે એના લાડકોડનું તો પૂછવું જ શું? પાણી માગે ત્યાં દૂધ, ચોકલેટ માગે ત્યાં મીઠાઇના ખોખાં મળે. એની તહેનાતમાં તો અનેક દાસીઓ હાજર, માણસની બધી જ ઇચ્છાઓ સહેલાઇથી સંતોષાઇ જાય તો પછી એવું પણ બને કે ઇચ્છાઓ પોતે ઓછી થઇ જાય! રાજકુંવરીનું પણ એવું જ બન્યું. બધી જ ઇચ્છાઓ એની પૂરી થતાં એની ઇચ્છાઓ ખૂટવા માંડી. માગી માગીને એ માંગેય શું?

પછીથી તો એને કશામાંયે મજા પડે નહિ. એ મોટી થતી ગઇ એમ ઓછું ને ઓછું બોલતી થઇ. છેવટે એ માંદી પડી એટલે મોટા મોટા ડૉક્ટરો આવ્યા. જાત જાતની દવાઓ આપી. રાજકુંવરી સાજી તો થઇ પણ પછી એ બોલતી જ બંધ થઇ ગઇ. લાખ ઉપાય કરો તોય એકે શબ્દ બોલે નહિ.

રાજકુંવરી તેય પાછી એકની એક, એ માંદી પડે એટલે તો પૂછવું જ શું? વૈદોને બોલાવવામાં આવ્યા. તેમણે એની આંખો તપાસી, એના કાન તપાસ્યા. એમણે એનું આખું શરીર ધારી ધારીને તપાસ્યું પણ કશું પકડાય નહિ. બધું જ બરોબર દેખાય.

ડૉક્ટરો નિષ્ફળ ગયા એટલે રાજા વધારે મૂંઝાયા એમણે તો આખા રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો કે જે કોઇ કુંવરીને સાજી કરશે એને રાજા મનગમતું ઇનામ આપશે. જરૂર પડે તો અર્ધું રાજ્ય અને કુંવરીનો હાથ પણ આપશે. પછી તો પૂછવું જ શું? ગામેગામથી અને શહેરે શહેરથી ડૉક્ટરો, વૈદો અને જ્યોતિષીઓ અને ચમત્કારો કરનારા ઉતરી પડ્યા. રાજકુંવરીના મહેલ આગળ તો લાઇનો જ લાગે.

રાજકુંવરીને તો મજા જ પડી ગઇ. મજાનો લખલૂંટ ખજાનો જાણે એની આગળ ખૂલી ગયો. એને તો આ જાતજાતના અને ભાતભાતના માણસો જોઇને ખૂબ મજા પડતી. એ બધાં એને બોલતી કરવા જે જાતજાતના અખતરા કરતાં, એમાં અને ખૂબ મજા આવતી, પણ એ મોઢું સીવીને બેસી રહેતી. મુખ ઉપર એવું લોખંડી તાળું લગાવી દેતી કે એ ખૂલે જ નહિ.

છેવટે આ ધમાલથી રાજા કંટાળી ગયા. એમણે હવે જાહેર કર્યું કે જે કોઇ માણસ આ કુંવરીને બોલતી નહિ કરી શકે એનું માથું ધડથી જુદું કરી નાંખવામાં આવશે, તોયે માણસોના લોભ અને લાલચને કંઇ હદ હોય છે? માણસો તો આવતા ગયા અને નિષ્ફળ જતાં ફાંસીએ ચઢતાં ગયા. કોઇ રાજકુંવરીને બોલતી કરી શક્યા નહિ.

છેવટે એક જુવાન આવ્યો. એના મોટા ભાઇઓએ એની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. એનું બધું પડાવી લીધું હતું. એટલે એ બધાંથી કંટાળી કોઇ નવા સાહસની શોધમાં નીકળી પડ્યો હતો. જુવાન દેખાવડો, એની આંખોમાં સાહસની ચમક હતી. એના હ્રદયમાં કોઇ ભવ્ય વિજયની ઝંખના હતી.

આવો એ ફૂટડો જુવાન આ શહેરમાં આવી ચઢ્યો. આવતા એને રાજાની દીકરીની અજીબ માંદગીની ખબર પડી. એને તો કશુંયે ગુમાવવાનું હતું નહિ. એટલે રાજાનું વિચિત્ર ફરમાન છતાં એ રાજમહેલમાં પહોંચી ગયો. એને તો પોતાનું નસીબ અજમાવવું હતું, એને તો ગમે તે રીતે જિંદગીમાં આગળ વધવું હતું. એને જાણવા મળ્યું હતું કે એના જેવા કેટલાય જુવાનો કુંવરીને બોલતી કરવા જતાં પોતે બોલતા બંધ થઇ ગયા હતા. પોતે મૃત્યુને ભેટ્યા હતાં. "શું રાજકુંવરી ખૂબ સુંદર છે?" એણે એક વૃધ્ધને પૂછ્યું હતું. "હા, ભાઇ કદાચ એનો જોટો દુનિયામાં ન જડે એવી ખૂબસૂરત છે પણ"...."પણ શું?" જુવાને પૂછ્યું. "પણ જે કોઇ માણસ એને બોલાવવામાં નિષ્ફળ

જાય એને ફાંસીને માંચડે ચઢવું પડે છે." "એટલે જ હું જરુર પ્રયત્ન કરવાનો છું એને બોલાવી શકીશ મને વિશ્વાસ છે. સાહસ કરવાનો અને પડકાર ઝીલી લેવાનો મને શોખ છે." કહીએ યુવાન રાજમહેલે પહોંચી ગયો.

દરવાને એને પૂછયું, "જુવાન તું કેમ આવ્યો છે?" "મારે રાજકુંવરીને સાજી કરવી છે. એને બોલતી કરવી છે." "તારા જેવા કેટલાય જુવાનો એમ કરવા જતાં ફાંસીને માંચડે લટકી ગયા છે." દરવાને કહ્યું, "તારા મા બાપ તારી વાટ જોતાં હશે. પાછો જતો રહે." "મારે મા બાપ નથી. દુનિયામાં મારું કોઇ નથી. હું તો સાહસ કરવા નીકળ્યો છું મને અંદર જવા દો." યુવાને જીદ પકડી. અંદર ગયો તો રાજાજી મળ્યા. રાજાજી ખૂબ મમતાળુ હતાં. એમણે કહ્યું, "ભાઇ, તું કંઇ કુંવરીને બોલતી કરવાનો નથી. મહેરબાની કરીને ચાલ્યો જા. તારું મસ્તક ધડથી જુદું થઇ જાય એવું હું ઇચ્છતો નથી તારું સાહસ રહેવા દે." જુવાને કહ્યું "મહારાજા સાહેબ, હું તો સાહસ માટે જ જન્મ્યો છું. હું રાજકુંવરીને બોલાવી શકું છું કે કેમ? જો નહિ બોલાવી શકું તો આપની તલવાર અને મારું માથું! મને રાજકુંવરી પાસે જવા દો."

"ઠીક ભાઇ તું જાણ" કહી રાજાજીએ તેને કુંવરીના અંતઃપુરમાં મોકલ્યો. અંદર પલંગ ઉપર કુંવરી તૈયાર થઇને બેઠી હતી. એનો ચહેરો તો કોઇ પરી જેવો રૂપાળો હતો. આખું શરીર ખૂબ ઘાંટીલું હતું. પણ એનો ચહેરો....એનો ચહેરો ચડેલો હતો. જો કે અંદરખાને આવા રમકડાં સાથે રમવાની મજા પડતી હતી.

રાજકુંવરીએ જોયું તો એક ફૂટડો જુવાન એના ખંડમાં દાખલ થયો. જુવાન ખૂબ સોહામણો દેખાતો હતો. ક્ષણભર તો એને ગમી ગયો. પણ તરત જ એણે પેલું ન બોલવાનું મહોરું પહેરી લીધું. રાજકુંવરી લાલ રંગના એના આસન પર બેઠી. તેણે ધીમે રહીને પેલા જુવાન સામે જોયું. જાણે કે એને એની યુક્તિઓ શરૂ કરવાની રજા આપી. પરંતુ પેલો જુવાન તો એક સ્ટૂલ લાવીને એના ઉપર બેઠો. મરકતી આંખે એણે રાજકુંવરી જોયું. જોયા કર્યું. પણ એ કશું બોલ્યો નહિ. રૂપાળી રાજકુંવરી સામે તાકતો અને મરકતો બેસી રહ્યો. સમય પસાર થવા લાગ્યો. અર્ધો કલાક, એક કલાક, રાજકુંવરીની અકળામણ વધતી ચાલી. બહાર બારણા પાસે ઊભેલા મહારાજા અને બીજા દરબારીઓના દિલ પણ ધડકતા હતાં. બીજો કલાક પસાર થયો. રાજકુંવરીનો ગુસ્સો વધવા લાગ્યો. એનો મિજાજ હવે ફાટું ફાટું થઇ રહ્યો. એ જાણે અંદરથી સળગી રહી હતી. પરંતુ સામે પેલો યુવાન તો બેઠો જ રહ્યો, મરકતો જ રહ્યો. એ તો જાણે મટકું માર્યા વગર રાજકુંવરીને નિહાળતો રહ્યો.

રાજકુંવરી હવે તો ખરેખર ગુસ્સે થઇ ગઇ. એનું શરીર કાંપવા માંડ્યું. એનો ચહેરો લાલચોળ થઇ ગયો એના હોઠ હાલવા માંડ્યા. એણે ધીમેથી કહ્યું, “બહાર નીકળી જા.” પરંતુ પેલો જુવાન તો બેઠો જ રહ્યો ના કાંઇ બોલે કે ચાલે. રાજકુંવરીએ થોડા મોટા અવાજે કહ્યું “બહાર જા” તોય પેલો તો બેઠો રહ્યો મરકતો રહ્યો, છેવટે

રાજકુંવરીએ મોટેથી બૂમ પાડી! "અહીંથી જતો રહે!" રાજકુંવરીની ચીસનો અવાજ સાંભળી મહારાજાએ તરત બારણું ઉઘાડ્યું. તેમણે તરત પોતાની દીકરીને વળગી ચુંબન કર્યું. રાજકુંવરી તો હજુય ધ્રુજતી હતી અને કહેતી હતી "અહીંથી બહાર જા." ત્યાં તો પેલો યુવાન બોલી ઊઠ્યો "રાજકુંવરી તો બોલે છે! એ ખરેખર બોલે છે!" એણે આભારવશ બની જઇ ઇશ્વરને હાથ જોડ્યા. રાજાજી કહેતા હતા "બેટા તું બોલતી થઇ ગઇ! તું બોલતી થઇ ગઇ! ભગવાન તને સુખી રાખે!"

રાજકુંવરીની આંખોમાં આંસુ વહેતાં હતાં. ત્યાં આવી પહોંચેલી એની માતા પણ રડતી હતી. રાજાની આંખોમાં ઝળઝળિયા હતા. એમણે કહ્યું "બેટા આ જુવાનને ધારીને જો. એ કેટલો બધો દેખાવડો છે. તારા જેવી રાજકુંવરીને શોભે એવો જ છે." હવે રાજકુંવરીએ પેલા યુવાનને બરોબર ધારીને જોયો અને ફૂલકળીની જેમ શરમાઇ ગઇ. રાજાજી પેલા જુવાનને ભેટી પડ્યા. "દીકરા, તેં મારી દીકરીને બચાવી લીધી હું તારો આભારી છું. મારા વચન પ્રમાણે હું રાજકુંવરીને તારી સાથે પરણાવીશ."

બહાર ચારે તરફ સંગીતના સૂર રેલાતા હતા. રાજકુંવરીને કોઇ જુવાને બોલતી કરી દીધી. એ સમાચાર આખા શહેરમાં વીજળીની જેમ ફેલાઇ ગયાં. બધાં જાણે આનંદના મહાસાગરમાં તરી રહ્યાં.



# બહિસ્તનો બાગ

# બેહિસ્તનો બાગ

એક સોહામણું નગર. એમાં એક પારસી બાનુ રહે. એમને ફૂલોનો અને બગીચાનો ભારે શોખ, એમનું મકાન રાજમહેલ જેવું. એમાં આગળના ભાગમાં એમણે એક બાગ બનાવેલો. એમાં ફૂલોનો પાર નહિ. દરેક ફૂલઝાડ અને ફૂલવૃક્ષ પર બેસુમાર ફૂલો બેસે. વાતાવરણ એટલું બધું ખુશનુમા કે પારસી બાનુએ બાગનું નામ બેહિસ્તનો બાગ એવું પાડેલું. બેહિસ્ત એટલે સ્વર્ગ. જાણે સ્વર્ગનો ખજાનો ત્યાં હોય એવું વાતાવરણ.

બાગની વચ્ચે એક ગુલાબનો છોડ. એ ગુલાબનો છોડ એવો ખૂબસુરત કે એને જોઈ રહેવાનું મન થાય. જાણે કે બાગની બધી શોભા એ ગુલાબનો છોડ બની ગયેલો. લાલ પીળા ગુલાબોથી એનું સૌંદર્ય ઓર મહેંકી ઊઠે. ધીમે ધીમે એ પોતે જાણે દુનિયાનું કેન્દ્ર હોય એવો ભ્રમ એને થવા માંડ્યો. ખૂબસુરત યુવતીઓ જેમ પોતાને જ દુનિયામાં બધાથી જુદી ગણતી થઈ જાય એવું કંઈક આ ગુલાબના છોડને થયેલું.

શરૂઆતમાં એ કંઈ આવો અભિમાની ન હતો. એ પણ નમ્ર હતો. પરંતુ એ મોટો થયો અને અતિસુંદર ગુલાબોથી ખીલી ઉઠ્યો કે, જાણે એના મગજની કમાન છટકી! પતંગિયા અને મધમાખીઓ એવા કંઈક આવે અને સતત એના પર પ્રશંસાના પુષ્પો વેર્યા કરે એટલે પછી તો પૂછવું જ શું?

બગીચામાં જાતજાતનો ફૂલો હતાં. એમાં પારિજાત, રાતરાણી, કેવડાં, કેળ, મોગરો એવા કેટલાય ફૂલઝાડ હતાં. પારસી બાનુએ પરદેશમાંથી પણ ફૂલછોડ મંગાવી ઉછેર્યા હતાં. તેમાં મેરીગોલ્ડ, લીલી, બ્લોસમ એમ ઘણી જાતના ફૂલો થતાં, ફૂલોનો જાણે મેળો ભરાતો!

આ ફૂલો એકબીજા સાથે વાતો કરતાં. બાગમાં આવતાં પંખીઓ સાથે પણ હસતાં-બોલતાં. એક વાર એમને થયું માણસો જેમ સૌંદર્ય સ્પર્ધાઓ યોજે છે. એવું કંઇ આપણે પણ યોજીએ બધાં ફૂલો ખુશખુશ થઇ ગયાં. પણ નિર્ણાયક કોને બનાવવો? બધાની નજર કાચિંડા ઉપર ઠરી કારણ કે એ વર્ષમાં બે ત્રણ વાર પોતાના રંગરૂપ બદલતો હતો.

દિવસ નક્કી થયો. કાચિંડાભાઇ પણ સજીધજીને તૈયાર થઇ ગયાં, પહેલા મોગરા પાસે ગયા. માર્ક આપ્યા. પછી કમળ પાસે ગયા. જેમ જેમ આગળ વધતાં ગયા એમ એની મૂંઝવણ વધતી ગઇ. ફૂલોના રંગરૂપ તો અપ્રતિમ હતાં. મેરીગોલ્ડની નઝાકત અનુપમ હતી. રાતરાણીની માદકતા નિરાળી હતી. પરદેશી ફૂલોની રોનક અનોખી હતી.

છેવટે એ પેલા ગુલાબના છોડ પાસે પહોંચ્યો. ગુલાબના રંગોની મિલાવટ એવી હતી કે વાત ન પૂછો! કાચિંડો મૂંઝવણમાં પડી ગયો. છેવટે એણે રંગબેરંગી ગુલાબને શ્રેષ્ઠ ફૂલનું પારિતોષીક આપ્યું. ચારેબાજુ

જયઘોષ થઇ રહ્યો. પહેલાં તો ગુલાબ શરમાઇ ગયું. એણે આંખો નમાવી બધાંના અભિનંદન સ્વીકાર્યા. પછી તો એનો મિજાજ ફાટ્યો મારા જેવું રૂપાળું કોણ?

એક દિવસ બે તિતિઘોડા તીડ જેવા પ્રાણી ઉડતા ઉડતા ત્યાં આવી ચડ્યા. ખાસી લાંબી મુસાફરી બાદ તે થાકી ગયા હતાં. તેઓ આ રમણીય બગીચાને જોઇ ખુશખુશ થઇ ગયા. કેવો શાનદાર બાગ! એકે કહ્યું, મને ય ગમી ગયો લાગે છે કે આપણે રાતવાસો અહીં જ કરીએ બીજાએ કહ્યું, કેટલી સુંદર સુગંધ આવે છે. એકે ભૂમિને સૂંઘતા કહ્યું, "એ તો પેલા સુંદર ગુલાબના છોડ પરથી આવતી હોવી જોઇએ. જો ને ત્યાં કેવા રમણીય ફૂલો ખીલ્યાં છે. મને તો ઈર્ષ્યા આવે છે! જો ત્યાંની જમીન પોચી હોય તો ત્યાં જ રાત ગાળી નાંખીએ. ગુલાબ જેવો છોડ જરૂર આપણને આવકારશે."

ભલે કહી બંને તિતિઘોડા ગયા અને જમીન ખોતરવા લાગ્યાં, ત્યાં ઉપરથી કશો કર્કશ અવાજ આવ્યો. "એઇ મૂર્ખાઓ અહીંથી ખસી જાઓ નહિ તો મારા જેવું ભૂંડું કોઇ નથી." ગુલાબે ગર્વભેર કહ્યું.

બંને તિતિઘોડા કૂદકો મારીને ત્યાંથી નીકળી ગયા. એ તો માની જ નહોતા શકતા કે પેલા રૂપાળા ગુલાબમાંથી આવો કર્કશ ને ઉધ્ધત અવાજ આવશે. છતાં એમને એક પ્રત્યન કરી લેવાનું મન થયું. તેમણે ગુલાબને કહ્યું પણ સાહેબ, અમે તો માત્ર આટલી રાત જ રહેવા માંગીએ

છીએ. જો આપ ઉદારતા......એકે ગુલાબને વિનંતી કરી. "શાની ઉદારતા? ને શી વાત? ગુલાબે છણકો કરી કહ્યું. "અમે એવા સસ્તા નથી કે આલતુ ફાલતુંને આશરો આપીએ."

બંને તિતિઘોડા ખૂબ નિરાશ થઇ ગયા. એમને ક્યાંથીય પણ આવો અનુભવ થયો નહતો. બીજા ફૂલોને પણ આ જોઇને સાંભળીને દુઃખ થયું. લીલી નામના ફૂલને તો એટલી બધી લાગણી થઇ આવી કે તેણે બંને તિતિઘોડાને પોતાને ત્યાં બોલાવી લે. તેમણે કહ્યું "અમે કંઇ ગુલાબ જેવા સુંદર નથી પરંતુ અમારા હૃદયોમાં ઉદારતા છે. ખુશીથી અમારે ત્યાં રાતવાસો કરો." ખુશ થઇને બંને તિતિઘોડા ત્યાં રહી ગયાં.

આ તરફ ગુલાબ તો એની સુંદરતા ને મોહકતા પર જ વિચાર કરતું હતું. સુંદરતાનો પણ કેવો ભારે નશો હોય છે! દારૂ કરતાં એ વધારે ઘેન ચડાવે છે. ત્યાં એને લાગ્યું કે એના ફૂલોની પાંદડીઓ હલે છે. પરંતુ એ તો આકર્ષક પતંગિયા હતાં. જે ઉડતાં ઉડતાં એની કોમળ પાંદડીઓને સ્પર્શતા હતાં.

ગુલાબે તો પોતાની પાંદડીઓ સંકોચી લીધી. આ જોઇ પતંગિયા ચમક્યાં. એકે કહ્યું "અરે દોસ્ત, તમે તમારી પાંદડીઓ કેમ સંકોચવા માંડી? અમે તો એટલા બધાં નાજુક છીએ કે અમે કોઇને અડીએ તો એને ખબરે ન પડે!" "જો ભાઇ મને તો કોઇ મારી પાસે આવે તે ગમતું

નથી." ગુલાબે કહ્યું. "ભગવાનને ખાતર તમે અહીંથી ખસી જાઓ. તે જ મને ગમે."

પતંગિયા તો જેટલા નાજુક હતાં એટલાં ભલાં હતાં. એમણે કહ્યું, "દોસ્ત જેવી તમારી મરજી." અમારે તો ઉડવા અને સ્પર્શવા માટે ફૂલોનો આખો મેળો છે. કહી બંને પતંગિયા ત્યાંથી ઉડી ગયાં.

રસ્તામાં એમને એક મધમાખી મળી, હેલ્લો કહેવા બંને રોકાઇ ગયા ધીમેથી બોલ્યાં, "અમૃત જેવું મધ તો બધાં ફૂલો પાસેથી મળશે કોઇની પાસે વધારે તો કોઇની પાસે ઓછું પરંતુ ભૂલેચૂકે બગીચાની વચ્ચોવચ્ચ આવેલા પેલા છોડ પાસે જતાં નહિ." "કેમ પેલા ગુલાબના છોડ પાસે? એને તો કેવા ખૂબસૂરત ફૂલો બેઠા છે." મધમાખીએ કહ્યું "હું તો જવાની એટલે જવાની" કહી મધમાખી પેલા ગુલાબ પાસે ગઇ અને બણ...બણ...બણ કરતી ચક્કર મારવા લાગી.

ગુલાબનો છોડ તો થોડો ઊંઘમાં હતો, રૂપના મિજાજને કારણે એને વારે વારે ઝોકાં આવી જતાં. "વાહ શું સુંદર ફૂલો છે." મધમાખીએ કહ્યું. "કેટલાં સુંદર ફૂલ! અહીં તો ધરાઇ ધરાઇને મધ મળશે." કહી તે એક રૂપાળા છોડ ઉપર બેઠી. રૂપના ઘેનમાં પડેલો ગુલાબનો છોડ જાગી ગયો. એણે પેલી મધમાખીને જોઇ મોં મચકોડ્યું, અને ઝપ્પ કરીને એક કાંટો એને ભોંક્યો.

મધમાખી તો ગુસ્સે થઇ ગઇ એને તો ઝટકો લાગ્યો હતો. એ ગુસ્સે થઇ ત્યાં ઉડવા લાગી. "મને આ કાંટો કોણે ભોંક્યો?" એણે ગુસ્સાથી કહ્યું, "મારી રજા વગર મારા ગુલાબ ઉપર બેસવાની છૂટ તને કોણે આપી?" હું તો મારા મધપૂડા માટે થોડું મધ લેવા આવી છું." "સારું સારું પણ મારી રજા લીધા સિવાય કોઇ આવે તે મને પસંદ નથી." છણકો કરી ગુલાબે કહ્યું. "જો તારી પાસે મધ હોય તો તે પણ મીઠું તો નહિ જ હોય! એ તારા જેવું કડવું હશે!"

આ સાંભળીને તો ગુલાબના છોડને એટલો ગુસ્સો ચડ્યો કે એણે પોતાનાં કાંટાથી જાણે મધમાખીને વીંધી નાંખી. મધમાખી તો ધબાક દઇ મેદાનમાં ફસડાઇ પડી, શું બની રહ્યું છે તે જોઇ દુઃખી થયેલા પતંગિયા અને બીજા જીવડાં ત્યાં દોડી આવ્યાં, તેમણે કણસતી મધમાખીને બીજે સ્થળે ખસેડી.

શું બન્યું તે જોઇ બાગના બધાં ફૂલો અને પંખીઓએ એક મિટિંગ ભરી. એક વયોવૃધ્ધ સસલી ખૂબ શાણી ગણાતી તેને પ્રમુખસ્થાન સોંપવામાં આવ્યું. એકે કહ્યું "આપણા બગીચાને ઘણાં દોસ્તીનો બાગ કહે છે, આપણા શેઠાણી તેને બેહિસ્તનો બાગ એવું નામ આપે છે. આપણે તો બધાનો આવકાર કરીએ છીએ. બધાં પર પ્રેમ રાખીએ છીએ. પછી એ મધમાખી હોય કે ખડમાંકડી. હવે આ ગુલાબે આપણને નીચું જોવડાવ્યું છે."

એક પંખીએ કહ્યું, "જુઓને એણે પતંગિયા અને મધમાખીને કેવાં પરેશાન કરી દીધાં. આ કંઇ આપણને શોભે?" ત્રીજાએ કહ્યું, "એ તો એમ કહે છે કે કોઇ એને તકલીફ ન આપે. એ તો જાણે અભિમાનનું પૂતળું બની ગયો છે!"

પ્રમુખ સાહેબે કહ્યું એની વાત સાચી છે. આપણે કોઇએ હવે તેને તકલીફ ન આપવી. સાથે વાત વ્યવહાર બધું બંધ! બધાંએ તાળી પાડી સંમતિ આપી.

પહેલાં તો ગુલાબના છોડને "સબકી એસી તેસી" એમ કશી પડી નહોતી. પણ જ્યારે બધાં વાત કરતાં બંધ થઇ ગયાં ત્યારે એને એકલતા સતાવવા લાગી. એને થયું કે એકલી સુંદરતા હોય પણ કોઇ એની પ્રશંસા કરનાર ન હોય તો કેવું? પછી તો એને થયું કે કોઇ પતંગિયું આ તરફ આવશે તો એ પ્રેમથી આવકાર કરશે.

એક દિવસની વાત છે. તેને લાગ્યું કે તેના થડ ઉપર કોઇ ચઢી રહ્યું છે. પહેલાં તો એને કશું સમજાયું નહિ પછી એણે નરમાશથી પૂછ્યું. "આપ કોણ છો? હું આપને માટે શું કરી શકું?"

"અમે તો જમીનમાં રહેનાર કીડા છીએ. જે કોઇ મરણ પામ્યું હોય ત્યાં અમે પહોંચી જઇએ છીએ." એક કીડાએ કહ્યું. ગુલાબને તો કોઇએ જબરદસ્ત ફટકો માર્યો એને કળ ચડી ગઇ. "પરંતુ હું તો જીવું છું!" એણે ગુસ્સે થઇને કહ્યું. મહેરબાની કરી પાછા જતાં રહો. "ઓહ"

એક કીડાએ કહ્યું "અમને તો લાગેલું કે તમે મરી ગયાં છો! તમારે કોઇની દોસ્તી નથી. ખેર જો તમે જીવતા હો તો અમે એકાદ પાંદડી ખાઇને જતાં રહીશું."

ગુલાબના છોડને ગુસ્સો તો હતો જ એણે કીડાને કાંટા મારવાનો પ્રયત્ન કર્યો. પણ એનું કશું વળ્યું નહિ. "હું શું કરું હું શું કરું? મારું તો કંઇ ચાલતું નથી." એણે રડીને કહ્યું. ત્યાં એણે કશો ગણગણાટ સાંભળ્યો. જોયું તો પેલી મધમાખી પાછી આવી હતી. એણે બૂમ પાડી કહ્યું મારી મદદ કરો! "દોસ્ત મને સહાય કરો! હું તો જીવું છું છતાં આ કીડા હું મરી ગયો હોઊં એમ મારી પાછળ પડ્યા છે!"

પહેલાં તો મધમાખીને ત્યાંથી ઉડી જવાનું મન થયું. પછી એને દયા આવી, એ તો ઉડીને પેલી સસલીના દર પાસે પહોંચી ગઇ. બાનુ તમે ઘેર છો? એણે પૂછયું. "હા કેમ" બહાર આવી સસલીએ કહ્યું. "શું તમને પેલો ગુલાબનો છોડ યાદ છે?" "હા પેલો ગર્વિષ્ઠ છોડ, મને બરાબર યાદ છે. કેમ તમારે એનું શું કામ પડ્યું?" "એ મુશ્કેલીમાં મુકાઇ ગયો છે. આપણે એને મદદ કરવી જોઇએ. થોડા કીડા એના ઉપર ચઢી ગયા છે." "હા, હું મારું ઘર બંધ કરીને આવું છું" કહી સસલી ઘર બંધ કરવા ગઇ. બંને તરત જ નીકળ્યા.

જા દોસ્ત, એણે મધમાખીને કહ્યું "તું જઇ પેલી ચકલીઓને બોલાવી લાવ." મધમાખી તરત ચકલીઓના

માળા તરફ દોડી ગઇ. ચકલીઓ તો મોજથી ચીં ચીં કરતી ચણતી હતી. ચકલીઓ તો તરત મધમાખીની વાત સાંભળીને ગુલાબના છોડ તરફ ગઇ. સસલી માસી ત્યાં જ ઊભા હતાં. થોડી જ વારમાં ચકલીઓએ પેલા કીડા ત્યાંથી સાફ કરી નાંખ્યાં.

ગુલાબ તો એટલું ખુશ થઇ ગયું કે એની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. ત્યાં હાજર થઇ ગયેલા પંખીઓ, પતંગિયા અને મધમાખી બધાંની આંખો ભીની બની. ગુલાબે આંખમાં આંસુ સાથે બધાંની માફી માંગી. ત્યાં હાજર રહેલા સૌએ સસલી માસીના સૂચનથી તેને ઉદારતાપૂર્વક માફી આપી. પંખીઓના ગુંજનથી જાણે આખો બાગ ભરાઇ રહ્યો.

ત્યાં પેલા પારસીબાનુ આવી ચડ્યાં, ગુલાબને તો નવી કૂંપળો ફૂટી હતી. પંખીઓ ચારેબાજુ કિલ્લોલ કરતાં હતાં. એમણે કહ્યું "પ્રભુ તમારો આભાર. મારો બાગ સાચ્ચે જ બેહિસ્તનો બાગ છે."


જોડિયાં ભાઇબહેન

# જોડિયાં ભાઇબહેન

એક રાજા બહારથી સુખી. સમૃધ્ધિનો પાર નહિ. પાણી માંગે ત્યાં દૂધ મળે એવો વૈભવ. સોનાના પલંગો અને આરસપહાણ જડેલો મહેલ. રાજાને ચાર ચાર રાણી પરંતુ એકેનો ખોળો ભરાયેલો નહિ. સમૃધ્ધિમાં પણ રાજાનાં દુઃખનો પાર નહિ. સોનાના પલંગમાં પણ ઊંઘ જાણે જોજનો દૂર. નિઃસંતાન રાજા રાજસિંહાસન સામે જુએ અને નિસાસો નાંખે "મારા પછી આ સિંહાસન ઉપર કોણ બેસશે?" રાજાના દુઃખનો પાર નહિ.

એક દિવસની વાત છે. રાજાના મંત્રી રાજાને મળવા આવ્યા. ઝૂકીને પ્રણામ કર્યા. પછી કહે રાજાજી આપને માઠું ન લાગે તો એક વાત કહું? રાજાએ મંદ મંદ હસીને કહ્યું, ખુશીથી કહો. મંત્રીએ કહ્યું "નામદાર પાસેના ગામમાં એક યુવતી રહે છે. અત્યંત સુંદર અને સુશીલ છે. રાજમહેલમાં શોભે તેવી છે......."બોલતાં મંત્રી અટક્યાં. "તો તમારી શી ઇચ્છા છે?" રાજાજીએ પૂછયું.

"મહારાજ હું ઇચ્છું છું કે તે આપની નવી રાણી બને" પરંતુ શું તે....? કહી રાજાજી અટકી ગયા.

મંત્રીએ નમીને કહ્યું "મહારાજ ઉપર એક રાજાઓનો રાજા બેઠો છે બાળક આપવું કે ન આપવું તે માત્ર ઇશ્વરની ઇચ્છા પર આધારિત છે મારી તો વિનંતી છે કે આપ આ યુવતીને સ્વીકારો." એનું શું નામ છે. રાજાજીએ પૂછયું. એનું નામ છે., સુરભિ. મને ખાતરી છે કે

એના આવવાથી આખો મહેલ અને આપનું જીવન મઘમઘી ઉઠશે.

પછી તો રાજાજી ધામધૂમથી સુરભિને પરણ્યાં. સાચ્ચે જ એ ખૂબ વિનમ્ર અને સુશીલ છોકરી હતી. એણે રાજાજીનું મન જીતી લીધું. થોડા સમયમાં સુરભિ ગર્ભવતી બની. રાજાજીને લાગ્યું કે સ્વર્ગ પોતે પૃથ્વી પર ઉતરી આવ્યું છે.

પરંતુ જૂની રાણીઓમાં ઈર્ષ્યાનો ભાવ જાગી ઉઠ્યો. એ બધી એક થઇ ગઇ એમણે સુરભિને એકલી પાડી દીધી. પરંતુ સુરભિને તો રાજાની હૂંફ હતી. રાજાનો સહકાર હતો.

પ્રસૂતિનો દિવસ આવ્યો. આનંદમાં આવી ગયેલા રાજાજી તો શિકારે ઊપડી ગયા હતા. અહીં શું બન્યું? સુરભિએ બે જોડિયાં બાળકોને જન્મ આપ્યો. જોડિયાં બાળકોને જન્મ આપતાં જ એ બેહોશ થઇ ગઇ.

ઈર્ષ્યાળુ રાણીઓએ પેલા બે નવજાત શિશુઓને ઉપાડી લીધાં. લાકડાની એક પેટીમાં પરાળ ગોઠવ્યું. પરાળમાં તાજા જન્મેલાં બાળકોને મૂકી પાસેની નદીમાં પેટી મૂકી દીધી. થોડી જ વારમાં તો પેટી દૂર દૂર તણાઇ ગઇ. ઈર્ષ્યાળુ રાણીઓએ શિશુઓને બદલે સુરભિની કૂખમાં તાજા જન્મેલાં ગલૂડિયા મૂકી દીધાં.

ત્રણચાર દિવસ પછી રાજા શિકારેથી પાછો આવ્યો. એને મનમાં હતું કે મહેલની અંદર તો શું પણ બહાર પણ

ધામધૂમ હશે. રાજકુટુંબમાં થયેલો જન્મ ઉમંગ અને ઉત્સાહથી ઉજવાતો હશે. પરંતુ મહેલની બહાર અને અંદર સૂનકાર હતો. ક્યાંય આનંદના સૂર સંભળાતા નહોતા રાજાને મનમાં ફાળ પડી. હાંફળો ફાંફળો તે રાણીવાસમાં દોડી ગયો. બધી રાણીઓ સંતાઇ ગઇ. રાજાએ જોયું તો સુરભિ તકિયામાં મોં સંતાડીને છાતીફાટ રડતી હતી. રાજાએ પૂછયું, “સુરભિ શું થયું?” સુરભિએ રડતાં રડતાં કહ્યું “કોઇ મારા બાળકને ઉઠાવી ગયું” શા માટે? રાજાએ ક્રોધથી પોતાની તલવાર કાઢી, ત્યાં દોડી આવેલી એક રાણીએ કહ્યું “મહારાજ એ તો જૂઠું બોલે છે. સામાન્ય ઘરની છોકરી સાચું કેવી રીતે બોલે?” રાજાએ પૂછયુ “તો સાચું શું છે?” રાજાસાહેબ સાચું તો એ છે કે “સુરભિને પેટે તો કૂતરીનાં બચ્ચાં જન્મ્યાં છે.” “કૂતરીનાં ગલુડિયાં? રાજાના ક્રોધે માઝા મૂકી. “નીકળ તાત્કાલિક મારા ઘરમાંથી નીકળી જા.” એમ પોકારી સુરભિને ધક્કો મારી રાજમહેલમાંથી કાઢી મૂકી.

પોક મૂકતી સુરભિ પોતાની માતા પાસે પહોંચી ગઇ. મા દીકરી ભેટીને ખૂબ રડ્યાં, પેલાં બાળક કે બાળકોનું શું થયું હશે એની ચિંતા તેમને કોરી ખાતી હતી.

બન્યું એવું કે બાળકોને લઇ જતી પેટી નદીનાં પ્રવાહમાં વહેતી વહેતી એક ઋષિના આશ્રમ પાસે અટકી. સદ્ભાગ્યે ઋષિ ત્યાં સ્નાન કરતા હતા. પેટી તેમની પાસે આવી અટકી. ઋષિએ પેટી ઉઘાડીને જોયું તો અંદર બે કુમળા બાળકો.

સદ્‌ભાગ્યે એવું બનેલું કે આશ્રમની જ એક યુવતીને સુવાવડ આવી હતી. ઋષિએ એને કહ્યું કે "એ પોતાના બાળકની સાથે તું આ બાળકોને પણ ધવડાવજે. ખર્ચ થશે તે હું આપીશ."

સ્ત્રીએ તો તરત જ એ બાળકોને પોતાના ખોળામાં લઇ લીધાં અને કહ્યું "પ્રભુએ મને તો વર્ષો પછી એક બાળક આપેલું. આજે એ જ પ્રભુએ બીજા બે બાળકો આપ્યા છે. પ્રભુનો જય હો! મહારાજ, આપ ચિંતા કરશો નહિ. હું આ બાળકોને મારા પેટના જણ્યાની જેમ જ સાચવીશ ને ઉછેરીશ." કહેતાં કહેતાં એની આંખોમાં આંસુ ઊભરાઇ આવ્યા.

કલાક પછી કલાક, દિવસ પછી દિવસ અને મહિનાઓ પછી મહિનાઓ પસાર થઇ ગયા. સમયનું ચક્ર તો ફરતું જ રહ્યું અને જોતજોતામાં ત્રણેય બાળકો મોટાં થઇ ગયા.

ઋષિએ દીકરાનું નામ પાડ્યું સ્નેહલ અને દીકરીનું સુસ્મિતા. છોકરીનું એવું નામ પાડ્યું કારણ કે એ ખૂબ હસમુખી હતી! ઋષિ એ બાળકોને આશ્રમમાં લઇ ગયાં. ત્યાં સ્નેહલને ખાસ તીરંદાજીની તાલીમ આપી. એ ખૂબ સારો તીરંદાજ અને શિકારી બન્યો. સુસ્મિતા ખૂબ સારી નર્તકી બની.

ત્યાં ઋષિ બિમાર પડ્યા. મૃત્યુ સમય પાસે આવ્યો જાણી બંનેને પોતાની પાસે બોલાવ્યા એક સુવર્ણમુદ્રિકા

આપી અને કહ્યું, "આની પાસેથી તમે જે માગશો તે તમને મળશે. મેં તમને મારા બાળકની જેમ ઉર્છેર્યા છે. પણ તમે મારા બાળકો નથી, મારા મૃત્યુ પછી આ સુવર્ણ મુદ્રિકાને પૂછશો એટલે એ તમને બધું કહેશે." કહી ઋષિ મૃત્યુ પામ્યા.

સ્નેહલ અને સુસ્મિતા ખૂબ દુઃખી થયાં. પછી તેમણે સુવર્ણમુદ્રિકાનો સ્પર્શ કરી પોતાના મા બાપ વિષે પૂછયું. જવાબ મળ્યો કે તમારી માતાનું નામ સુરભિ છે તે એક નાના ગામડામાં રહે છે.વાસીદુ વાળી ઘરકામ કરી ગુજારો કરે છે. પિતા વિષે પૂછતા તેમને કહેવામાં આવ્યું કે "તમારા પિતા એક મોટા દેશના રાજા છે. પરંતુ તેમને તમારા સિવાય કોઇ બાળક નથી."

"અમને અમારી માતાના ગામમાં લઇ જાઓ" સ્નેહલ અને સુસ્મિતાએ કહ્યું. તરત જ એક ઉડતા ઘોડાવાળી બગી આવી પહોંચી તેમાં બેસી તેઓ પોતાની માતાના ઘર પાસે ઉતર્યા.

સુરભિ ઘરકામ કરતી હતી. ફાટેલાં વસ્ત્રો અને માંદલું શરીર જો કે હજી તેનું સૌંદર્ય અકબંધ હતું. સ્નેહલ અને સુસ્મિતા અંદર જઇ માતાને ભેટી પડ્યાં. સુરભિ તો ચોંકી ઊઠી પણ તરત જ બધું સમજી ગઇ. ત્રણે એકબીજાને વળગી ખૂબ રડ્યાં.

બંને બાળકોએ માતાને તેમના પિતા વિષે પૂછયું સુરભિએ રડતાં રડતાં બધી વીગતો જણાવી કહ્યું "આવતી

કાલે તમારા બાપુએ તીરંદાજીની એક હરીફાઇ રાખી છે." સ્નેહલ તો સાંભળી ખુશખુશ થઇ ગયો.

બીજે દિવસે હરીફાઇ હતી. ઝાડ પર બનાવટી પક્ષી મૂકેલું હતું. જે તીરંદાજ આ પંખીની આંખ વીંધે તેને રાજા અર્ધુ રાજ્ય આપશે.

એક પછી એક બાણાવળી આવ્યા. નિશાન લીધું પણ કોઇ સફળ થયા નહિ. છેવટે સ્નેહલ આગળ આવ્યો. સ્નેહલનો ચહેરો અને તેનું સ્નાયુબધ્ધ શરીર જોઇ રાજાને તેના પર વહાલ આવ્યું. તેમને થયું કે આ જુવાન જીતે તો સારું થાય. સ્નેહલે એક જ તીર છોડ્યું અને તે ધારેલે નિશાને વાગ્યું. ભેગા થયેલા જનસમુદાયમાં જય જયકાર થઇ રહ્યો.

રાજાએ સ્નેહલને બોલાવી તેનો ખભો થાબડી કહ્યું "જુવાન હું તારા પર ખુશ છું. બોલ તું માંગશે તે હું આપીશ. તારું નામ શું છે?"

સ્નેહલે કહ્યું "મારું નામ સ્નેહલ છે. હું માંગું તે આપ આપી શકશો? મારે મારા પિતા જોઇએ છે."

રાજા ચમક્યા તે બોલ્યા, "દીકરા હું મારું અર્ધું રાજ્ય તને આપી શકું છું પણ તને પિતા કેવી રીતે આપી શકું," સ્નેહલે કહ્યું" "આપ જ મારા પિતા છો. હું સુરભિનો દીકરો છું."

રાજા તો ઊભા થઇ સ્નેહલને ભેટી પડ્યાં. દીકરા

તને જોઇને મને કાંઇ ન સમજાય તેવી લાગણી થતી હતી. મને કહે તારી મા ક્યાં છે? મેં સુરભિને મોટો અન્યાય કર્યો છે. સ્નેહલે કહ્યું "મારી મા સુરભિ અને તમારી દીકરી સુસ્મિતા ત્યાં ઊભા છે. ચાલો હું તમને તેમની પાસે લઇ જાઉં," રાજા બોલ્યા, મારે એક દીકરી પણ છે. કહીને ઝડપથી સ્નેહલ સાથે ચાલ્યાં, ચાલ્યાં તો શું કહો કે દોડ્યાં.

તે સુરભિની પાસે ગયા. ને સુરભિની માફી માંગવા જતાં હતા પણ સુરભિએ તેમને અટકાવ્યા. બંને ભેટી પડ્યા. રાજાએ પૂછયું "મારી દીકરી ક્યાં છે?" તરત જ સુસ્મિતા આગળ આવી રાજા અને સુરભિ તેને ભેટી પડ્યા.

આ દશ્ય જોઇ ઈર્ષ્યાળુ રાણીઓ બેબાકળી થઇ ગઇ. તેમને થયું કે અમારું આવી બન્યું. અમારું કાવતરું પકડાઇ ગયું છે. રાજા હવે ગુસ્સે થઇ અમારો શિરચ્છેદ કરાવશે.

રાજા હકીકતમાં ગુસ્સે થઇ ગયા હતાં. તેમનો હાથ તેમની તલવાર પર ગયો. પણ સુરભિએ તેમને રોક્યાં. તેણે કહ્યું "આવા મંગલ પ્રસંગે બધાંને માફ કરવું પડે" તેણે રાણીઓની પાસે જઇ માફી આપી. બધાંની આંખોમાં આનંદના આંસુ હતાં.

ચારે તરફ ફરીથી જયજયકાર થઇ રહ્યો. પછી બધાં એ ખાધું પીધું ને રાજ કર્યું.


એક વફાદાર
કૂતરાની
વાત

# એક વફાદાર કૂતરાની વાત

આ સ્કોટલેન્ડના પ્રદેશની વાત છે. સ્કોટલેન્ડ એ અતિશય પહાડી પ્રદેશ છે. ઊંચા ઊંચા પહાડો અને ઊંડી ઊંડી ખીણો જો કે ત્યાંનો પ્રદેશ અતિ ખુશનુમા લાગે. આવા પહાડી પ્રદેશોમાં માર્શલ નામનો એક ખેડૂત વસે. એની સાથે એની પત્ની એન અને માર્ક નામનો દીકરો રહે. એમનું શહેર તો ઘણું દૂર પણ દૂર દૂરના પહાડી પ્રદેશોમાં પણ ખેડૂતો વસે. માર્શલને શહેરમાં જવું હોય તો પાસેનો પર્વત ઓળંગીને જવું પડે. આ પર્વત ઓળંગીને જતો રસ્તો ખીણોમાં થઈને જાય, ખૂબ સંભાળીને ત્યાંથી જવું પડે.

માર્કને આમ તો ઓછા મિત્રો. આસપાસના પ્રદેશમાં ખેડૂતો વસે, પણ એકબીજાથી દૂર રવિવારે ચર્ચમાં ભેગા થાય; પછી છૂટા પડી જાય, એટલે વોર્નને સૌથી વધારે દોસ્તી એના કૂતરા સાથે. કૂતરો મોગરેલ જાતનો ખાનદાન. ખૂબ પ્રેમાળ અને રમતિયાળ. માર્કે એનું નામ “ટોની” પાડેલું. ટોનીના વાળ ખૂબ લાંબા અને વાંકોડિયા.

એક દિવસની વાત છે. શિયાળો હતો. ચારે તરફ ફૂલોનાં ઢગલાની જેમ બરફ વરસતો હતો. વાતાવરણમાં ભારે ઠંડી હતી. ત્યાં અચાનક એમની તબિયત બગડી. પેટમાં અસહ્ય દુઃખાવો થતો હતો. રહેવાય નહિ એવું લાગે. માર્શલને લાગ્યું કે બહાર તો બરફના ઢગલા થયા છે, પણ એણે શહેરમાં જવું પડશે. પત્ની માટે ખાસ દવા

લાવવી પડશે. એણે પોતાના દીકરા માર્કને કહ્યું, "મમ્મીની તબિયત ખરાબ છે. એને માટે ખાસ દવા લેવા શહેરમાં જવું પડશે."

"જરૂર બાપુજી, મારે શું કરવાનું છે એ મને કહો," માર્કે કહ્યું.

"તારે અહીં રહી મમ્મીની સેવા કરવાની એનો દુ:ખાવો હલકો થાય એ માટે શેક કરજે હું ત્યાં સુધીમાં શહેરમાં જઈને દવા લઈ આવું છું."

"પણ બાપુજી, તમે શહેરમાં જવાનો રસ્તો બરોબર જાણતા નથી. હું બરોબર જાણું છું. આપણો કૂતરો ટોની મારી સાથે આવશે. હું જેટલી ઝડપથી બની શકે એટલો ઝડપે પાછો આવીશ." માર્કે આગ્રહપૂર્વક એના બાપુજીને વિનંતી કરી.

બાપુજી વિચારમાં પડી ગયા. એ વાત ચોક્કસ હતી કે એમનો દીકરો એમના કરતાં આ રસ્તાથી વધુ પરિચિત હતો છતાં આવા વાતાવરણમાં એને મોકલવા માટે એમનું મન માનતું નહોતું. એને ચિંતા થતી હતી ત્યાં ટોની ભસ્યો. એની નજર ટોની ઉપર પડી. ટોની મજબૂત અને વફાદાર કૂતરો હતો. સમજુ પણ ખરો જ. કૂતરો જાણે કહેતો હતો "બાપુજી, ચિંતા કરશો નહિ. મને અને માર્કને જવા દો. અમે બધા રસ્તાથી માહિતગાર છીએ. તમે મમ્મીની સંભાળ રાખો. હું તમારા દીકરા માર્કની સંભાળ લઈશ."

"સારું, આવી વેધરમાં તું જાય એવી મારી ઇચ્છા નથી પરંતુ હું નિઃસહાય છું. તું બરોબર સાવચેત રહેજે. જા, ફતેહ કર."

માર્કે પોતાનું જેકેટ પહેર્યું. જેકેટ આવી ઠંડીમાં બચવા માટે જ હતું. એણે પોતાની સ્કાઉટની લાકડી પણ લીધી. ટોની તો જાણે તૈયાર જ હતો. બંને બહાર નીકળ્યા.

માર્શલ પોતાનાં દીકરાને વળાવવા ઠેઠ ઝાંપા સુધી ગયો. માર્કે કહ્યું, બાય, બાપુજી, મમ્મીની કાળજી રાખજો. અમે જેમ બને તેમ જલદી પાછા ફરીશું. બંને ઊપડ્યા.

હવે તો વધારે બરફ પડતો હતો, પર્વતોનાં શિખરો અને વૃક્ષો--બધું જ સફેદ સફેદ થઇ ગયું હતું. માર્ક અને ટોની એકબીજા સાથે મસ્તી કરતા પહાડી માર્ગ ઉપર આગળ વધ્યા. ટોની વારેવારે જંગલોમાં જતો અને પાછો આવતો. આમ તેઓ પાસેના શહેર પહોંચ્યા. ડૉકટરનું ઘર શોધી કાઢ્યું. ડૉક્ટરને મળ્યા જરૂરી દવાઓ મેળવી.

ડૉકટરે પણ કહ્યું, "ભાઇ બહાર તો બરફનું ભારે તોફાન છે. તું એકલો કેવી રીતે જઇશ?"

માર્કે કહ્યું, "સાહેબ, હું એકલો ક્યાં છું? ટોની મારો દોસ્ત, મારી સાથે છે. અમે સો ટકા પહોંચી જઇશું. ગુડબાય, ડૉકટર અંકલ," આમ ડૉકટર સાહેબને આવજો કહી બંને મિત્રો પહાડી માર્ગ ઉપર આગળ વધ્યા. બંને ઝડપથી ચાલતા હતા. ત્યાં જ ટોની એકદમ ઊભો રહી ગયો.

માર્કે કૂતરાને આગળ જવાનું કહ્યું, પણ એ આગળ વધ્યો જ નહિ. માર્ક એની પાસે જાય તો પણ ભસવા માંડે. માર્કે એને બુચકાર્યો પટાવ્યો, પણ એ તો માને જ નહી "કૂતરો જાણે ભસીને કહેતો હતો ઊભા રહો! આગળ ન વધો! આગળ જોખમ મોં ફાડી ઊભું છે!

હવે માર્કનેં ગુસ્સો આવતો હતો. એ કૂતરાની પાસે ગયો. કૂતરો તો ભસતો હતો. એણે કૂતરાને આગળ ખેંચવા માટે જોર કર્યું. પરંતુ જોર કરતાંની સાથે જ એ રસ્તા પરની ખીણમાં ગબડી પડ્યો. બરફને કારણે ખીણ દેખાતી નહોતી!

આ બાજુ સાંજ પડવા આવી હતી. માર્શલ ઘરમાં બેઠો બેઠો પોતાના દીકરાની અને કૂતરાની ચિંતા કરતો હતો. ચિંતા થાય એવું વાતાવરણ હતું. એ વિચારતો હતો કે દીકરો કેમ પાછો ફરતો નથી? એને થતું કે બંનેને ગયે ચાર-પાંચ કલાક થઇ ગયા છે. તોય એ કેમ પાછા આવતા નથી? એના કરતાં એની પત્નીને ચિંતા વિશેષ હતી? કારણ કે, એ તો મા હતી ને? માને લાગણી થાય એટલી કોને થાય?

એણે એનાં પતિને કહ્યું, "તમે મારી ચિંતા કરશો નહિ. મને કશું થવાનું નથી. તમે મારા દીકરાને શોધી કાઢો."

ત્યાં જ કૂતરાના ભસવાનો અવાજ આવ્યો. માર્શલ હાંફળાફાંફળા ઘરની બહાર દોડ્યા. કૂતરો એમના કપડાં

ખેંચીને જાણે કે એમને બહાર લઇ જવા માંગતો હતો. માર્શલ ઉતાવળ કરી કૂતરાની પાછળ દોડ્યા.

કૂતરો આગળ ને આંગળ દોડતો રહ્યો. માર્શલને કૂતરાની સાથે દોડવામાં ખાસ્સી મહેનત કરવી પડતી હતી. ચારે તરફ બરફ પથરાયેલો હતો. એમાં પહાડ પર દોડવામાં મુશ્કેલી પડે જ. કૂતરો હવે જમણી તરફ વળ્યો. એ માર્ગ ખીણમાં ઊંડે ઊતરતો હતો. માર્શલ કૂતરાની પાછળ પાછળ ઊતર્યા.

"દીકરા માર્ક, દીકરા માર્ક, શું તું મને સાંભળી શકે છે?" એમણે બૂમ પાડી. કશો જવાબ ન મળ્યો. ઊતરાણ તો ભયજનક હતું. છતાં માર્શલ નીચે ઊતર્યા. ભસતો કૂતરો એમની આગળ જતો હતો.

બંને ખીણમાં ઊંડે ઊતર્યા, ત્યારે કૂતરો વધુ જોરથી ભસવા લાગ્યો. હવે માર્શલની નજર પડી તો બરફ પર લોહીના છાંટા હતા.

હવે માર્શલને ખાતરી થઇ ગઇ. એમણે થોડુંક ખોદી દીકરાને શોધી કાઢ્યો. સાથે લાવેલો ગરમ ઓવરકોટ એને પહેરાવી દીધો. એમણે પોતાના બેભાન દીકરાને ઊંચકી લીધો. કૂતરો બંનેની આગળ દોડતો હતો.

ત્રણે ઘેર પહોંચ્યા. માર્શલે દીકરાના ઘા ગરમ પાણીથી ધોયા. એને ગરમી આવે એવી દવા પિવડાવી. થોડાં સમયમાં માર્કે આંખો ખોલી.

એણે પોતાની મમ્મીને પહેલાં જોઇ "મમ્મી, તને દવા મળી ગઇ?" એણે પૂછયું. એની મમ્મીએ રડતાં રડતાં કહ્યું, "દીકરા, તું સાજોસમો પાછો આવી ગયો એટલે બધું આવી ગયું મને તદ્દન મટી ગયું છે." કહી એ પોતાના દીકરાને ભેટી પડ્યા.

એના પિતાની આંખમાં આંસુ હતાં. એમણે કહ્યું, "તું બચી ગયો એનો બધો પ્રતાપ આપણા કૂતરા ટોનીનો છે. એ જ ઘેર આવ્યો. મને તારી પાસે લઇ આવ્યો. હું તને ઘેર લઇ આવ્યો. તું બચી ગયો ઇશ્વરનો આભાર!" કહી એ પોતાના કૂતરા ટોમીને ભેટી પડ્યા.

ત્રણે તો શું ચારેની આંખો ભીની થઇ હતી.


શહીદી

# શહીદી

રશિયાની આ વાત છે. રશિયા અતિશય ઠંડો પ્રદેશ છે. શિયાળામાં તો અમુક સ્થળે આખી દુનિયામાં સૌથી વધુ ઠંડી પડે. બરફ તો એવો પડે કે બંધ થવાનું નામ જ ન લે! પહાડી પ્રદેશ અને જંગલના વૃક્ષો-બધું જ બરફ નીચે ઢંકાઇ જાય. ચારે તરફ એક પહોળી સફેદ ચાદર પાથરી દીધી હોય એવું લાગે.

આવા સમયે રશિયાનો એક વેપારી બીજે ગામે જઇ રહ્યો હતો. એની સાથે એની પત્ની અને નાનું બાળક હતાં. ચારે બાજુ બરફની વર્ષા થતી હતી. બધું જ સૂમસામ હતું. એમની સ્લેજ ગાડી બરફ ઉપર ધીમેધીમે ખસતી હતી. પાણીદાર ઘોડા આ સ્લેજગાડી ખેંચતા હતા. એમની સાથે એમનો એક વફાદાર સેવક પણ હતો. ઘણા વર્ષોથી એ આ ધનિક કુટુંબની સાથે રહી એમની સેવા કરતો હતો.

રસ્તામાં જ્યાં જ્યાં હોટલ જેવું આવે ત્યાં તેઓ રાતે રોકાઇ જતાં. આ હોટલોને ઇન કે સરાઇ નામે ઓળખવામાં આવતી. કેટલીક વાર તો તેઓ માત્ર સાંજના વાળુ માટે જ રોકાતા. કારણ કે એમને ઘેર પહોંચવાની ઉતાવળ હતી.

એક સાંજની વાત, ચારેય જણ એક ઉતારા પાસે આવ્યા ત્યાં જમ્યા. જમ્યા પછી જવા માટે બહાર નીકળ્યાં. ઉતારાનો માલિક એમની પાસે આવ્યો. એણે કહ્યું,

"મિત્રો, સાંજ તો પડી ગઇ છે. અંધારું થઇ ગયું છે. બરફની વર્ષા ચાલુ છે. તમે અત્યારે ન નીકળો તો ન ચાલે? મહેરબાની કરી અહીં રોકાઇ જાઓ. રાતે આરામ કરજો. સવારે નીકળજો."

પેલા ઉમરાવે કહ્યું, "દોસ્ત તમારો આભાર. પરંતુ અમારે નીકળવું જ પડે તેવું છે. આજે રાતે આખી રાત અમે મુસાફરી કરીશું તો સવારે ઘેર પહોંચી જઇશું. ગુડનાઇટ!"

પરંતુ ઉતારાના માલિકે ફરી આગ્રહ કર્યો, "બરફ ખૂબ પડ્યો છે. રસ્તા પણ ચીકણા થઇ ગયા હશે. તમે ઝડપથી મુસાફરી નહિ કરી શકો. આપ રોકાઇ જાવ તો સારું."

"જુઓ ભાઇ, તમારી લાગણી હું સમજું છું. તમારી લાગણીની કદર કરું છું. મૂછે હાથ દઇ ઉમરાવે કહ્યું, મારી પાસે પાણીદાર ઘોડા છે. ગમે તેવા ચીકણા બરફવાળા કાદવમાંથી પણ એ અમને લઇ જશે."

"સાહેબ, એક બીજું કારણ પણ છે. આ પ્રદેશમાં ઘણાં જંગલી વરુઓની હાજરી છે. દિવસે તો એ દેખાતાં નથી, પણ રાતે જરૂર દેખાય છે. એ પાછાં એકલદોકલ હુમલો કરતાં નથી. સમૂહમાં હુમલો કરે છે. આપ માની જાઓ અને રાત રોકાઇ જાઓ તો સારું." ઉતારાનાં માલિકે નમ્રતાપૂર્વક ફરી વિનંતી કરી.

"જુઓ ભાઇ." ઉમરાવે હસીને કહ્યું, "મારી પાસે અને મારા સાથી પાસે તો પિસ્તોલો છે. અમારે ગભરાવાની જરૂર નથી. કશુંક થઇ પડશે તો દેખા જાયેગા!" કહી ઉમરાવે પોતાની સ્લેજગાડી તૈયાર કરવાનો હુકમ કર્યો.

ગાડી તૈયાર થતાં જ ઉતારાના ભલા માલિકને ગુડબાય કહી ચારેય જણા નીકળી પડ્યાં. અંધારું હોવા છતાં ઘોડા ઝડપથી ચાલતા હતા. સાથે એમનો સાથીદાર પિસ્તોલ તૈયાર રાખી એના ઘોડા ઉપર ચાલતો હતો.

મધરાતનો સમય થયો. સ્લેજ ગાડી બંને બાજુ ગાઢા જંગલો વચ્ચેથી પસાર થતી હતી. સ્લેજગાડીમાં માત્ર બાળક ઊંઘતું હતું. જાગૃત પત્નીએ બૂમ પાડી કહ્યું, "સાંભળો! મને કશો અવાજ સંભળાય છે!" બધાંએ ધ્યાન દઇ સાંભળ્યું. સ્લેજગાડી તો દોડતી હતી. પણ ત્રણેનાં હૈયા જરા જોરથી ધબકવા લાગ્યા. હા, એ કોઇ જંગલી પ્રાણીઓનાં જ અવાજ હતા. સ્લેજગાડી સાથે ચાલતા એરિકે કહ્યું, "સાહેબ જરૂર આસપાસમાં ક્યાંક વરુઓ સંતાઇ રહ્યાં હોય એવું લાગે છે!"

"વરુઓ!" શબ્દ સાંભળતાં ઉમરાવની પત્ની ગભરાઇ ગઇ. એણે પોતાના બાળકને પોતાની ધ્રુજતી છાતી ઉપર દબાવી દીધું. એનું હૃદય જોરજોરથી ધડકતું હતું.

ઘોડાઓએ પણ વરુઓની ચીસ સાંભળી. તેઓ વધુ ઝડપથી દોડવા લાગ્યાં, વરુઓની ચીસો પાસે ને પાસે

સંભળાવા લાગી. થોડા સમય પછી તેણે જોયું તો પાસેની ઝાડીમાંથી તેમના ડોકાં દેખાવા લાગ્યાં.

"સાહેબ, વરુઓ આપણી પાસે આવી ગયાં છે!" એરિકે કહ્યું.

"તારી પિસ્તોલ તૈયાર કર અને સાવધ થઇ જા, ગમે ત્યારે ગોળીબાર કરવો પડે. હું પણ તૈયાર છું," ઉમરાવે કહ્યું અને થરથર ધ્રુજતી પોતાની પત્ની સામે જોયું. "હિંમત રાખ. ઈશ્વર માલિક છે! તેના પર ભરોસો રાખ!"

એરિકે પોતાની પિસ્તોલ હાથમાં લઇ લીધી. એની આંખો ચારે તરફ ઘુમતી હતી. "એ પાસે આવશે એટલે હું ગોળી છોડીશ!" એણે કહ્યું.

વરુઓની ઝડપ ખૂબ વધારે હોય છે. થોડી વારમાં તેઓ સ્લેજગાડી પાસે પહોંચી ગયા. તેમનો આગેવાન હતો એક ભૂરા રંગનો નર. એ તો છેક સ્લેજગાડી પાસે પહોંચી ગયો. એરિકે પોતાની પિસ્તોલમાંથી ગોળી છોડી. એનું નિશાન અચૂક હતું. પેલો આગેવાન એક ચિત્કાર કરીને એક તરફ ઢળી ગયો. બીજાં વરુ પેલા ઘાયલ થયેલા આગેવાન પર તૂટી પડ્યાં. વરુ બહુ હિંસક પ્રાણી હોય છે. એ પોતાના સાથીદારને પણ છોડે નહિ!

થોડીક વાર સુધી સ્લેજગાડી ઝડપથી દોડતી રહી. ઘોડા પણ જાણે જીવ પર આવી ગયા હતા. ત્યાં તો પેલાં વરુઓ પાછાં આવી પહોંચ્યાં તેઓ તો સીધા ઘોડાઓ ઉપર જ હુમલો કરતાં.

એરિકે કહ્યું, "આપણે એક ઘોડાને છોડી દઈએ. વરુઓ એને ભલે ફાડી ખાય. ત્યાં સુધીમાં આપણે આગળ વધી જઈશું." ઉમરાવે હા પાડી. એરિકે એક ઘોડાને છોડી મૂક્યો એ જરા પાછળ પડચો એટલે તરત જ વરુઓ એકસામટાં એના ઉપર તૂટી પડ્યાં.

"આપણે બચી ગયાં!" ઉમરાવે કહ્યું. એની પત્ની તો પોક મૂકીને રડી પડી એણે ફરીથી પેલા ઊંઘતા બાળકને પોતાની ગોદમાં દબાવી દીધું.

"આ વરુઓ તો ભૂખ્યાં ડાંસ જેવાં હોય છે." એરિકે કહ્યું, આ ભૂખ્યાં ડાંસ વરુઓ ઘોડાને પૂરો કરીને જરૂર પાછાં આવશે મારે કશુંક કરવું પડશે!" વિચારમાં પડી ગયેલાં એરિકે કહ્યું.

બન્યું પણ એવું જ. ઘોડાને ઝપાટાભેર પૂરો કરીને વરુઓ પાછાં આવી પહોંચ્યા. પોતાની પત્ની અને બાળકને બચાવવા માટે ઉમરાવે ફરી એક ઘોડાને છોડી દીધો. ફરી લાગ્યું કે થોડી વાર રાહત થઈ છે. ગામની લાઈટો પણ દૂરથી દેખાતી હતી. હવે તો માત્ર બે જ ઘોડા બચ્યા હતા. તેઓ બને એટલી ઝડપથી સ્લેજગાડીને ખેંચતા દોડતા હતા.

ત્યાં ફરીથી વરુઓ આવી પહોંચ્યાં. ગામ પાસે આવતું હોવાથી તેઓ ઝડપભેર શિકાર કરવા માંગતાં હતાં. જાણે મરણિયાં બન્યાં, હવે એરિકે કહ્યું, "સાહેબ, હું હવે એની સામે જઉં છું હું ગમે તે ભોગે એમને તમારી પાસે આવવા નહિ દઉં. ઈશ્વર તમારી રક્ષા કરે."

કહી પિસ્તોલમાંથી ગોળીઓ છોડતો એરિક વરુઓ તરફ ધસી ગયો. એની પિસ્તોલમાંથી ધનાધન ગોળીઓ છૂટતી હતી. અને ધમાધમ વરુઓ પડતાં હતાં. પણ આ તો વરુઓ! એ તો બીજા વરુને ખાઇ જાય ત્યાં માણસનો શો હિસાબ!

એરિકે પોતાના જાનની પરવા કર્યા વગર વરુઓ સામે લડવાનું શરૂ કરી દીધું. એની પિસ્તોલમાં જેટલી ગોળીઓ હતી તેટલી ગોળીઓ છોડી. ઘણાં વરુઓને ઢાળી દીધાં. પરંતુ આ વરુઓનો જાણે કોઇ અંત દેખાતો નહોતો.

આ તરફ ઉમરાવની સ્લેજગાડી ગામમાં દાખલ થઇ ગઇ. ચોકીદારે એમને આવકાર્યા.

ચોકીદારોને સાથે લઇ ઉમરાવ ફરીથી રસ્તા ઉપર એરિકને બચાવવા નીકળ્યાં. ત્યાં એક સ્થળેથી એની લોહીના ડાઘાવાળી પિસ્તોલ મળી આવી. એરિકનાં કપડાં મળી આવ્યાં. પણ ક્યાંય એરિક મળ્યો નહિ!

ઉમરાવે કહ્યું, "આ મારા મિત્રે અમને બચાવવા પોતાનો જાન આપી દીધો. હું એને-એની શહીદીને બિરદાવું છું. વંદન કરું છું!" કહી એમણે ટોપી ઉતારી શહીદ એરિકને અંજલિ આપી.



# એક ગરીબ છોકરી નેન્સી

# એક ગરીબ છોકરી નેન્સી

આ વાત અમેરિકા દેશની છે. એક ખૂબ વિશાળ દેશ. એના ઘણા બધા ભાગોમાં શિયાળો અતિ ઠંડો. ચારેબાજુ થીજાવી દે તેવી ઠંડી. રસ્તાની બંને બાજુએ સફેદ બરફના ઢગલા ઊભા છે.

આવા એક પ્રદેશમાં નેન્સી તેનાં માબાપ સાથે રહેતી હતી. માબાપ બંને સારી નોકરી કરતાં. પરંતુ એકવાર પ્લેનમાં બેસીને બીજે ગામ જતાં હતા. ત્યાં વિમાનને અકસ્માત નડ્યો. નેન્સીનાં માબાપ સ્થળ ઉપર જ મૃત્યુ પામ્યા. ઘેર આઠ-નવ વર્ષની નેન્સી જ હતી. એ હવે માબાપ વિના એકલી પડી ગઇ હતી. તેથી તેને તેના દાદા પાસે મોકલી આપવામાં આવી.

આમ બગીમાં બેસીને આઠ વર્ષની નેન્સી નીકળી. એની આંખો વારેવારે આંસુથી ભીંજાઇ જતી હતી. એને મૃત્યુ વિશે ઝાઝું સમજાતું નહોતું. કેવું સુખદ એનું બાળપણ હતું! એ પંખીઓ સાથે પણ હસીને બોલતી. વૃક્ષો અને ફૂલો સાથે વાતો કરતી. અચાનક તેનાં માબાપ ક્યાંક ચાલ્યાં ગયા! એકલીઅટૂલી નેન્સી હવે એના દાદા પાસે જતી હતી. રસ્તાની બંને બાજુએ બરફના ઢગલા હતા.

નેન્સી દાદાજી પાસે પહોંચી ગઇ. એના ખખડધજ દાદા દરવાજામાં ઊભા હતા. નેન્સીના દાદીમાં દસ વર્ષ પહેલાં મૃત્યુ પામેલા. એકલા પડી ગયેલા દાદા ખાસ

કોઇની સાથે બોલતા નહોતા. એમનું હૃદય જાણે ખૂબ કઠોર બની ગયું હતું. નાનકડી પૌત્રીને જોઇ એમને દયા આવી. પણ એ કશું બોલ્યા નહિ. નેન્સી ઝડપથી દોડી જઇ ઘરમાં ભરાઇ ગઇ.

દાદાજી વર્ષોથી એકલા રહેતા. એટલે એમનું બોલવાનું ઓછું થઇ ગયેલું. હૃદયથી તો એ પણ કોમળ માણસ હતા. માબાપ વિનાની નિઃસહાય થઇ ગયેલી દીકરીને જોઇ એમનું હૃદય ભરાઇ આવ્યું. પણ એ કશું વ્યક્ત કરી શક્યા નહિ. દીકરીની સાથે પ્રેમથી વાત કરી શક્યા નહિ.

નેન્સીએ જોયું તો જમવાના મેજ ઉપર બ્રેડબિસ્કિટ અને દૂધ તૈયાર હતા. દાદાજીએ એને માટે જ બનાવ્યાં હશે. એ ગટગટ દૂધ પી ગઇ. ઝટઝટ બિસ્કિટ ખાઇ લીધાં. પછી એ પાછી પોતાના રૂમમાં ભરાઇ ગઇ.

નેન્સી દાદાજીને કામ કરતા જોઇ રહી. દાઢીમૂછવાળો એમનો ચહેરો કરડો દેખાતો. એ બોલ્યા ચાલ્યા વિના પોતાનું કામ કરતા રહેતા.

નેન્સીએ જોયું તો બહાર થોડી પાળેલી ગાયો હતી. થોડાંક મરઘાં બતકાં હતાં. ક્યાંક મોર પણ ટહૂકતા હતા. દાદાજી સાંજ સુધી કામ કરતા રહ્યા.

સાંજ પડી એટલે દાદાજી થોડું રસોઇનું કામ પતાવી બહાર નીકળ્યા. જતાં જતાં એમણે નેન્સી સામે જોયું. પણ કશું બોલ્યા નહિ.

નેન્સી તો સ્વભાવથી ખૂબ જ પ્રેમાળ હતી. ખૂબ બોલકણી પણ હતી. એ તો પંખીની જેમ ઊડીને ગાયો પાસે પહોંચી ગઇ. એણે જોયું તો દાદાજી ભલે કરડા હતા પણ ગાયો તો ભલી ભલી હતી. એ તો જાણે નાનકડી નેન્સીને જોઇ ખુશખુશ થઇ ગઇ. શિંગડાં હલાવી એમણે નેન્સીનો આવકાર કર્યો. નેન્સી પણ જાણે થોડી વારમાં વાડાના એકેએક પશુને અને પ્રાણીને ઓળખી ગઇ. એ તો વાડીનાં ફૂલો સાથે પણ હસીહસીને વાતો કરવા લાગી. એને તો મજા પડી ગઇ.

મોડી સાંજે દાદાજી આવ્યા ત્યારે નેન્સી દોડીને એના રૂમમાં ભરાઇ ગઇ. પણ આ વખતે તો દાદાજીએ ભલે જોર પડતું હોય તો જોર કરીને પણ નેન્સીને બોલાવી. એને માથે હાથ મૂક્યો. નેન્સીને લાગ્યું કે કરડા દાઢીમૂછ પાછળ એક હેતાળ હૃદય પણ હતું. ધીમેધીમે એનો ડર ઓછો થતો ગયો.

નેન્સી તો દૂધમાં સાકરની જેમ ઘરમાં ભળી ગઇ. આખું ઘર જાણે પંખીની જેમ ગૂંજતું થઇ ગયું. દાદાજી ભલે ઓછું બોલતા, પણ નેન્સી તો એમના ખોળામાં ચઢી બેસી જાતજાતની વાતો કરતી દાદાજી પણ ધીરેધીરે બોલતા થયા.

અને વાડો? વાડામાંનું તો એકેએક પશુ જાણે બદલાઇ ગયું. નેન્સી બહાર નીકળે એટલે મરઘાં બતકાં જોરજોરથી આનંદના અવાજો કરતા. મોર પણ ટેહૂકતો. ગાયો તો એટલી ખુશ રહેતી કે એ વધારે દૂધ પણ આપતી

થઇ ગઇ. આખા ઘરની અને વાડાની જાણે સિકલ જ બદલાઇ ગઇ. જાણે કે હૂંફાળા સૂરજના પ્રકાશથી આખું ઘર પ્રકાશિત થઇ ઊઠ્યું. ગુલાબના ફૂલની જેમ મહેંકી ઊઠ્યું.

હવે તો દાદાજી પણ વાડામાં જાય ત્યારે કોઇ ગીત ગાય. આખું ગામ પણ દાદાજીમાં આવેલા પરિવર્તનથી ખુશ થઇ ઊઠ્યું. રવિવારે ચર્ચમાં તો ગામનાં બાળકો પણ નેન્સી સાથે ખૂબ પ્રેમથી વર્તતાં. ઘરમાં અને ગામમાં જાણે વસંત આવી ગઇ.

એક દિવસની વાત છે. ખુશખુશાલ દાદાજી ઘેર આવ્યા. એમણે બારણામાંથી જ બૂમ પાડી! "નેન્સી! નેન્સી! દાદાજી આવી ગયા!" પરંતુ કશો જવાબ મળ્યો નહિ. બેબાકળા દાદાજી ઘરનો ખૂણેખૂણો ફરી વળ્યાં. ક્યાંય નેન્સી મળે નહિ! એ તો વાડામાં દોડી ગયા. ત્યાં ગાયો, મરઘાં, બતકાં અને મોર જાણે સ્તબ્ધ બની ગયા હતા. કોઇ જાણે બોલે નહિ! દાદાજી તો હવે તો રીતસર ગભરાઇ ગયા. એમણે અડોશપડોશમાં તપાસ કરી. ક્યાંય નેન્સીનો પત્તો લાગે નહિ.

"નેન્સી! નેન્સી! બેટા નેન્સી તું ક્યાં છે! બોલતી કેમ નથી?" એ તો આખા ગામમાં ફરી વળ્યાં. નેન્સીની બહેનપણીઓને પૂછયું કોઇને ખબર નહોતી! નેન્સી જાણે કૂવામાં ઓગળી ગઇ હતી! એમણે ગામની સીમમાં તપાસ કરી તો ઢોર ચરાવનારા એક છોકરાએ ખબર આપી કે કોઇ સ્ત્રી એક ઘોડાગાડી લઇને આવી હતી અને તે રડતી-કકળતી નેન્સીને લઇ ઝટઝટ ભાગી છૂટી છે!

હવે આ સ્ત્રી નેન્સીની દૂરની સગી થતી હતી. એ દૂરનાં એક ગામમાં રહેતી હતી. તે ગામમાં એક જમીનદાર રહેતા: તેમની તેર-ચૌદ વર્ષની દીકરી અપંગ થઇ ગઇ હતી. એ ચાલી શકતી નહોતી. એની સાથે વાતો કરવા અને રમવા એને કોઇ બહેનપણીની જરૂર હતી. તેથી પેલી સ્ત્રી નેન્સીને ઉઠાવી ગઇ હતી.

નેન્સીએ ઘણો વિરોધ કર્યો હતો. એ ખૂબ રડતી. કકળતી હતી. પણ પેલી દુષ્ટ સ્ત્રીએ એનું કશું સાંભળ્યું નહોતું. નેન્સી તો કહેતી હતી કે "મને દાદાજી પાસે લઇ જાવ! મારે દાદાજી પાસે જવું છે!" પણ પેલી સ્ત્રી એને ડરાવીને પેલા જમીનદારને ઘેર લઇ ગઇ.

અહીં દાદાજી રડતા હતા. ત્યાં નેન્સી રડતી, કકળતી હતી. પણ કોઇ મદદ કરનારું નહોતું. એમેલ્યા તો નેન્સીને જોઇ ખુશખુશ થઇ ગઇ. નેન્સીને કંઇ ચેન પડતું નહોતું. એનું નાનકડું હૃદય ખૂબ દુઃખી હતું. એ વારેવારે પોતાના દાદાજીને યાદ કરતી હતી. "મને દાદાજી પાસે લઇ જાઓ! મને દાદાજી પાસે લઇ જાઓ!" એવી કરુણ ચીસો પાડતી હતી.

નેન્સીએ જોયું તો પેલી એમેલ્યા પણ એની સાથે રડતી હતી. એ પણ દુઃખી દુઃખી થઇ ગઇ હતી. એની આંખોમાંથી જાણે શ્રાવણભાદરવો વહેતાં હતાં. નેન્સી તો હૃદયથી જ ખૂબ પ્રેમાળ હતી. સ્નેહનું જાણે એને વરદાન મળ્યું હતું. એ તો તરત દોડીને પેલી કૃશ યુવતીને બાઝી

પડી. એ તો વહીલચેરમાં બેઠી હતી એના તદ્દન કૃશ હાથોને પંપાળતી એ એમેલ્યાને ચુંબનો કરવા લાગી.

એણે પૂછ્યું "તું કેમ રડે છે? મને તો દાદાજી યાદ આવે છે એટલે હું રડું છું."

"મને તો તું રડે છે એટલે રડવું આવે છે. જો ને, ઈશ્વરે મને કેટલું બધું દુ:ખ આપ્યું છે? હું તો પપ્પાને ભેટી પણ શકતી નથી."

"જો બહેન, ઈશ્વર ખૂબ મહાન છે. તું વિશ્વાસ રાખીશ તો તું પણ સાજી થઈ જઈશ." નેન્સીએ કહ્યું.

નેન્સી તો પોતે જ દવાદારૂ કરતાં વધારે હતી. એ જ્યાં હોય, જ્યાં જાય ત્યાં જાણે સ્વર્ગ ઊભું થઈ જતું એ તો ખૂબ પ્રેમથી એમેલ્યાની ચાકરી કરવા લાગી. એની પાસે જ રહે. સરસ મજાની વાતો કરે. એમેલ્યાને ખુશમાં રાખે. પણ એમેલ્યાની એક દાસી હતી. એ ઘણી વાર નેન્સીને રડાવતી. એને દુ:ખ આપતી. નેન્સી તો તરત આ બધું ભૂલી જતી.

એ દાસીએ એક વાર નેન્સીને ખૂબ મારી. સદ્‌ભાગ્યે એમેલ્યા એ જોઈ ગઈ. પેલી દાસીએ નેન્સીનાં રમકડાં પણ તોડી નાખ્યાં હતાં. એમલ્યાએ પેલી દુષ્ટ દાસીને હાંકી કાઢી.

નાતાલ પાસે આવતી હતી. નાતાલનો તહેવાર એટલે ખ્રિસ્તીઓનો એકમાત્ર તહેવાર. નેન્સીએ એમેલ્યાને

કહ્યું "જો બહેન, નાતાલે તારા પપ્પાને તારે એક અમૂલ્ય ભેટ આપવાની છે!"

" અમૂલ્ય ભેટ? મારા પપ્પાને? એ તો કેવી રીતે બને? નેન્સી હું તો અપંગ છું. જાતે ચાલી પણ શકતી નથી. હું કેવી રીતે ભેટ આપી શકું?"

"જો એમેલ્યા, કોણે કહ્યું કે તું અપંગ છે? પ્રભુને શું અશક્ય છે? કશું જ નહિ. નાતાલ તો ભેટો આપવાનો તહેવાર છે. તારે સામે ચાલીને તારા પપ્પાને ભેટ આપવાની છે." નેન્સીએ આગ્રહપૂર્વક કહ્યું.

પછી તો એણે એમેલ્યાને ઊભી કરી. ખૂબ ખૂબ આગ્રહ કરી એક બે ડગલા હાથ પકડીને ચલાવી. એમેલ્યા તો હાંફી ગઇ. એને તો પરસેવો છૂટી ગયો. નેન્સીએ એમેલ્યાની આસપાસ પોતાના હાથ વિંટાળ્યા. એ દરરોજ આવી રીતે એમેલ્યાને થોડું થોડું ચલાવવા લાગી. એમેલ્યા તેર-ચૌદ વર્ષની હતી. પરંતુ એનું શરીર ઘણું નિર્બળ હતું. નેન્સી એને ઊભી કરવામાં ચલાવવામાં કશી મુશ્કેલી પડવા દેવી નહિ.

નાતાલની આગલી સાંજ આવી. બહારગામ ગયેલા એમેલ્યાના પપ્પા ઘેર પાછા ફર્યા. એમેલ્યાનું બદલાયેલું રૂપ, એનો તંદુરસ્ત લાગતો ચહેરો જોઈને એ તો ખુશીથી ઝૂમી ઊઠ્યાં. ત્યાં એમણે નેન્સીને જોઇ. આ નાનકડી છોકરીની બધી વાત સાંભળીને એમને દયા આવી. એમણે તરત જ બરફ પડતો હોવા છતાં નેન્સીની પેલી સગીને

બોલાવડાવી એને બરોબરની ધમકાવી. એટલે એણે પોતે નેન્સીને ક્યાંથી ઉપાડી લાવી હતી તે બધું સાચેસાચું કહી દીધું. એ સ્ત્રીને સજા તરીકે એન્જેલાના પપ્પાએ નોકરીમાંથી કાઢી મૂકી.

બહાર તો શિયાળાનો બરફ પડતો હતો. રાત પડી ગઇ હતી. એમણે નેન્સીને કહ્યું, "મને તારા દાદાજીનું સરનામું મળી ગયું છે. કાલે ચર્ચ છૂટ્યા પછી હું તને એમના ઘેર લઇ જઇશ." નેન્સી તો ખુશખુશ થઇ ગઇ.

નાતાલનો દિવસ આવ્યો. નેન્સીએ એમેલ્યાએ આપેલાં સુંદર કપડાં પહેર્યા. આજે તો વળી દાદાજીને ત્યાં જવાનું હતું! એના હૃદયમાં જાણે આનંદ સમાતો નહોતો.

બધાં તૈયાર થઇને ચર્ચમાં ગયા. એમણે જોયું તો નેન્સીના દાદાજી પણ ચર્ચમાં આવ્યા હતા. નેન્સી તો દાદાજીને જોઇ ભેટી પડી. દાદાજીની આંખોમાંથી આંસુ વહેતાં હતાં.

ચર્ચ છૂટ્યા પછી બધાં મળ્યાં. એમેલ્યાના પપ્પાએ બધી વાત માંડીને કહી. પછી કહ્યું, "જો આજે તમને કશો વાંધો ન હોય તો તમે અને નેન્સી અમારે ત્યાં જમજો. આજે તો સપરમો તહેવાર છે. પછી તમે નેન્સીને તમારે ત્યાં લઇ જજો." દાદાજી તો તરત સંમત થઇ ગયા.

જમવાનું પણ ખૂબ સરસ બન્યું હતું. જમ્યા પછી ત્યાંના રિવાજ મુજબ એકબીજાને ભેટો આપવાની હતી.

નેન્સીએ કહ્યું, "સૌ પ્રથમ ભેટ એમેલ્યા એના પપ્પાને આપશે." એમેલ્યાના પપ્પા તો ઊભા થઇ ગયા. પણ નેન્સીએ કહ્યું, "પપ્પાજી તમે તો ત્યાં જ બેસો. એમેલ્યા તમને ભેટ આપશે."

એમેલ્યાના પપ્પાને તો આ શું થઇ રહ્યું છે તેની સમજ પડતી નહોતી. ત્યાં એમના અચંબા વચ્ચે એમેલ્યા પોતાની વહીલચેરમાંથી ઊભી થઇ ચાલીને પોતાના પપ્પા પાસે ગઇ. પપ્પા તો અવાચક જ થઇ ગયા હતા. પપ્પા અને એમેલ્યા એકબીજાને ભેટીને ખૂબ રડ્યા. હાજર રહેલાં ચારેની આંખો ભીની હતી.

"આ બધો આ મારી દોસ્ત નેન્સીનો ચમત્કાર છે. એણે જ મને ચાલવાની પ્રેરણા આપી, પ્રોત્સાહન આપ્યું અને હું ચાલતી થઇ ગઇ," ખુશખુશ થઇ ગયેલી એમેલ્યાએ કહ્યું.

પપ્પાજી નેન્સીને ભેટી પડ્યા. નેન્સીએ કહ્યું "પપ્પાજી, એ તો ઇશ્વરની ભેટ છે. ઇશ્વરે જ એમેલ્યાને ચાલતી કરી છે. પ્રભુની સ્તુતિ થાઓ!"

બધાં ખૂબ આનંદમાં સાથે રહ્યાં. નેન્સી એમેલ્યા અને તેના પપ્પાની ભાવભરી વિદાય લઇ દાદાજી સાથે નીકળી. ઘેર પહોંચ્યાં તો ગાયો, મરઘાંબતકાં બધાં ખુશખુશ થઇ ઊઠ્યાં. મોર પણ કળા કરીને નાચી રહ્યાં.


પથ્થરનું આ નગર



# પથ્થરનું આ નગર

આપણા એક ગુજરાતી કવિએ પથ્થરના આ નગર વિશે લખ્યું છે. એ નગરમાં રસ્તા પથ્થરના, મકાન પથ્થરનાં અને મેદાનો પથ્થરનાં, એમાં વળી માણસોનાં દિલ પણ પથ્થરનાં.

એવું એક પથ્થરનું ગામ. એ ગામમાં બધાં ઘરો પથ્થરનાં. એ ઘરોમાં બધું ફર્નિચર પણ પથ્થરનું. પથ્થરોનાં ટેબલો, પથ્થરોની ખુરશીઓ અને પલંગો પણ પથ્થરનાં.

સૂરજને તો આખી દુનિયાની પ્રદક્ષિણા કરવાની. એટલે એ તો ગામેગામ અને શહેરેશહેર ઉપર ફરે ને પોતાનો પ્રકાશ પાથરે. કોણ જાણે કેમ આ પથ્થરનું ગામ એની નજર બહાર ગયેલું?

એક વાર એની નજર પથ્થરના આ ગામ ઉપર પડી. એ ચોંકી ઊઠ્યો? આ કેવું જુદું ગામ હતું! અહીં તો વૃક્ષો પણ પથ્થર જેવાં થઇ ગયાં હતાં. ભાગ્યે જ થોડાં પાંદડાં જોવા મળે. વૃક્ષો એટલાં બધાં પર્ણહીન કે પાસેની નદી પર ઊડતાં પંખીઓ પણ અહીં આવવાનું નામ ન લે! આવે જ નહીં, તો માળાઓ ક્યાંથી બાંધે? માળાઓ ન બાંધે તો પક્ષીઓનો કલરવ ક્યાંથી સંભળાય?

સૂરજદાદાએ જોયું તો આ ગામમાં માણસો ફરતાં દેખાયાં. એમાં પુરુષો હતા, સ્ત્રીઓ હતી અને નાનાં બાળકો પણ હતા. પણ ક્યાંય હાસ્યના ફુવારા ઊડતા ન હતા. ક્યાંય બાળકોના હસવાના અવાજો નહિ, તો પછી

પ્રેમમાં પડતા જુવાનો જે એમના મીઠા કલરવ, એમનું સ્નેહ સંગીત આ બધું તો સંભળાય જ ક્યાંથી? સૂર્યને એવું લાગ્યું કે કદાચ આ ગામમાં સ્ત્રીઓ અને પુરુષોનાં હૃદયો પથ્થરનાં તો નહિ હોય ને ?

આવાં માણસોને પીગળાવવા કેવી રીતે? સૂરજદાદાએ પોતાનાં કિરણો વધુ ધારદાર બનાવ્યાં. એમને લાગ્યું કે જમીન તો થોડી થોડી પીગળે છે પણ....માણસો ઉપર કશી અસર પડતી દેખાઈ નહિ. પરંતુ યુગોથી આ ધરતીને અજવાળતા સૂરજદાદા. દાદા એમ કંઈ આશા છોડી દે ખરા? એમને હતું જ કે કોઈક દિવસ તો સૂરજનાં કિરણો એમનું ધાર્યું કરશે જ.

ત્યાં જ સૂરજદાદાની નજર ગામ પાસે વહેતી નદી ઉપર પડી. નદીનાં નિર્મળ જળ ખળખળ વહેતાં હતાં. સૂરજદાદાને થયું કે નદીના આ કાંઠાના પથ્થરિયા ગામને તો જોયું. હવે બીજા કાંઠા પરના ગામને જોઉં.

જોતાં જ સૂરજદાદા મલકાઈ ઊઠ્યા. આ ગામ તો કેટલું સુંદર લાગતું હતું! ફૂલ જેવું ગામ! ગામમાં ઠેરઠેર બગીચા હતા. ત્યાં વૃક્ષો લીલાછમ હતા ને મેદાનોમાં બાળકો રમતાં હતાં.

સૂરજદાદાને યાદ આવ્યું કે ગમે તેવો આકરો શિયાળો હોય, તોય ગામનાં માણસોનાં હૃદયોમાં ઉષ્મા રહેતી. પડોશીઓ એકબીજાને પ્રેમથી મળતાં. સ્ત્રીઓ હસીહસીને ગામગપાટા મારતી. ચારે તરફ હસીખુશીનું વાતાવરણ રહેતું.

ગામનાં બાળકોને રમતો રમવાનો ભારે શોખ. ક્યાંક ક્રિકેટ તો ક્યાંક ફૂટબોલ. બાળકોને રમતો રમવામાં ખૂબ મજા પડતી.

સૂરજદાદાએ જોયું તો કુણાલ અને કિન્નરી નામનાં બે નાનકડાં ફૂલો જેવાં બાળકો ઘાસમાં રમતાં હતાં. ઘાસ પણ પાછું લીલુંછમ, શ્વાસ સુંગધીદાર, હૈયાં પણ ખુશબોદાર.

આ જ ગામમાં રહે કુણાલ અને કિન્નરી. બંને બાળકોને એકબીજા સાથે ભારે દોસ્તી. ઘરો તો પાસે પાસે, પણ હૃદયો એટલાં જ નિકટ. એટલે તો કુણાલ અને કિન્નરી છૂટાં પડે જ નહિ. ભણે પણ સાથે, રમે પણ સાથે, રાતે જ પોતપોતાનાં ઘરોમાં હોય. જાગે એટલે પાછાં ભેગાં.

કુણાલ અને કિન્નરી ઘાસના મેદાનમાં રમે. ઘણીવાર પાસે વહેતી નાનકડી નદીના કિનારા પર જઈને પણ રમે. સામે જ પેલું પથ્થરિયું ગામ દેખાય. બંનેને થાય કે ક્યારેક એ ગામમાં જઈ શકાય તો કેવું સારું! ત્યાં પણ એમનાં જેવાં બાળકો હશે. એમની સાથે પણ ઓળખાણ થશે. રમવાની મજા પડશે.

નદીની વચ્ચે એક નાનકડા ટાપુ જેવું હતું બંને બાળકો છીછરાં પાણી ઓળંગીને પેલા ટાપુ ઉપર જઈ પહોંચ્યાં. અહીં એમને રમવાની ખૂબ મજા પડી. નાનકડાં પંખીઓ ત્યાં વારેવારે આવતા. એમને જોવાની અને ઉડાડવાની એમને ખૂબ મજા પડી.

આવી રીતે એ ચાર પાંચ વાર પેલા ટાપુ ઉપર જઇ આવ્યાં. ત્યાંથી તો પાસેનું ગામ તદ્દન સ્પષ્ટ દેખાતું હતું. એમને લાગ્યું કે ત્યાં માણસો તો છે પણ કોઇ કોઇની સાથે બોલતું હોય એવું દેખાતું નથી! બધું જ શાંત શાંત લાગે છે. એમનાં પોતાનાં ઘરોમાં તો કેટલો ઘોંઘાટ હોય છે! સતત વાતો ચાલતી હોય છે. બધાં પ્રેમથી એકબીજાને મળે છે. ઘરડાં માણસો પણ એકલતા અનુભવતા નથી.

એક દિવસે કિન્નરીએ કુણાલને કહ્યું, "ચાલને ભાઇ, આપણે પેલા ગામે જઇએ. ત્યાં કોઇની સાથે ઓળખાણ થશે."

કુણાલે સિસકારો વગાડીને કહ્યું "જો બહેન, તું તો મારી લાડકી બહેન છે. પરંતુ આપણા ગામમાંથી કોઇ ત્યાં જતું નથી. એટલે રહેવા દઇએ."

પરંતુ કિન્નરીએ બહુ આગ્રહ કર્યો. એટલે હારીને કુણાલને એની સાથે પેલા ગામે જવું પડ્યું.

બંનેએ એક બીજાનો હાથ પકડ્યો. કિન્નરીએ કહ્યું, "આપણે મોટાંની સાથે નહિ પણ નાનાં બાળકો સાથે વાત કરીશું."

કુણાલ સંમત થયો. બંનેં હાથ પકડીને નદીની પાર ગયાં. ત્યાં તો જાણે બધાં પથ્થરનાં પૂતળાં! કોઇ બોલે નહિ! કુણાલ, કિન્નરી નિરાશ થઇ ગયાં. પણ કિન્નરીને લાગ્યું કે એક ઘરની બહાર ઊભેલો એક નાનો છોકરો મૂછમાં હસે છે! એને થયું કે, "કંઇ વાંધો નહિ. મારી

વર્ષગાંઠ થોડા દિવસોમાં આવે છે. ત્યારે આ પથ્થરિયા ગામના એકેએક બાળકને હું એકએક ચોકલેટ આપીશ."

કિન્નરીની વર્ષગાંઠ આવી. એનાં માબાપે આખું ઘર તોરણથી સજાવ્યું હતું. નાના નાના તારલા પણ વેલો પર સજાવ્યા હતા. સુંદર ભોજન પણ તેની માએ બનાવ્યું. જમ્યાં પછી ચોકલેટોનાં પડીકાં લઈને બન્ને નીકળ્યા.

નદી તરફ ગયા. ધીમેથી નદીપાર કરી પેલા બેટ ઉપર ગયા. સામે કિનારે થોડાંક માણસો ઊભાં હતા. ઉપરથી સૂરજદાદાનું ધ્યાન કુણાલ અને કિન્નરી ઉપર હતું. કોણ જાણે કેમ આજે એમના હૃદયમાં થોડો ફફડાટ હતો.

બન્યું પણ એવું જ. કુણાલ અને કિન્નરી નદી ઓળંગતા હતાં. ત્યાં પાણીનું વહેણ થોડું વધારે હતું. કિન્નરી તો કુણાલથી નાની હતી એ પાણીમાં ઘસડાવા લાગી. કુણાલે એને બચાવવાનો પ્રયત્ન કર્યો, પણ એના નાનકડા હાથોમાં કેટલું જોર હોય? એ પણ તણાવા લાગ્યો.

આ બાજુ પથ્થરિયા ગામના લોકો આ દશ્ય નિહાળતા હતા. પણ એમના પથ્થર જેવાં હૃદયોમાં જાણે કંઈ લાગણી થતી નહોતી. એ તો જાણે કશું બનતું ન હોય એમ આ નાનકડાં બાળકોને પ્રવાહમાં તણાતા જોતા હતાં.

આ જોતાં સૂરજદાદાનાં મનમાં કંઈ કંઈ થઈ આવ્યું. ગુસ્સો પણ ચડ્યો. એમણે પોતાનાં કિરણોને ધારદાર બનાવી કિનારે ઊભેલાં માણસો પર ફેંક્યાં. છોકરાં તણાતાં હતાં. તો બીજી તરફ પથ્થરિયાં ગામનાં માણસોનાં હૃદયો

કુમળા પડવા લાગ્યાં. એમાંથી લાગણીની સરવાણીઓ ફૂટવા લાગી. ખડકમાંથી ઝરણું ફૂટે એમ એમનાં દિલોમાં દયા માયા પ્રગટ્યાં. એક માણસ તદ્દન પીગળી ગયો. એ ઝડપથી નદી તરફ દોડ્યો. એણે કુણાલને અને કિન્નરીને બચાવી લીધાં. એ એમને કિનારે લઇ આવ્યો.

ગભરાઇ ગયેલાં કુણાલ અને કિન્નરી પહેલાં તો પોક મૂકીને રડી પડ્યાં. પેલા માણસનાં બાળકો પણ ત્યાં આવી પહોંચ્યાં. તેમણે કુણાલ અને કિન્નરી સાથે હસીને વાત કરી. એટલે કુણાલ અને કિન્નરી હસી પડ્યાં. કિન્નરી તો પેલા બચાવનારને ઉમળકાથી ભેટી પડી. એ બચાવનારને પણ શું થયું કે તે બન્ને બાળકોને ભેટી પડ્યા. બધાંની આંખોમાંથી આંસુ વહેતાં હતાં.

બચાવનારે કિન્નરીને "બેટા" કહી ઉમેર્યું "તું શા માટે આ બાજુ આવતી હતી?"

કિન્નરીએ હસીને કહ્યું "અંકલ, આજે મારી વર્ષગાંઠ છે. તેથી મારી મમ્મીને કહી આ ગામનાં બધાં બાળકોને ચોકલેટ આપવા હું અને કુણાલ નદી ઓળંગીને આવતા હતાં."

પેલા માણસ પાસે દોડી આવેલા તેના દીકરાએ કહ્યું, "સિસ્ટર, હેપ્પી બર્થડે!" પછી તો ચારે તરફથી હેપ્પી બર્થડે થઇ રહ્યું.

ત્યાં સુધીમાં તો કિન્નરી અને કુણાલનાં માતાપિતા નદી ઓળંગી આ તરફ આવી ગયા હતાં. તેમણે પેલા બચાવનારનો આભાર માન્યો.

બધાં જ ખુશખુશાલ હતાં. પાછાં ફરતાં કિન્નરીએ જોયું તો પેલાં પથ્થરિયાં ગામનાં વૃક્ષો ઉપર કૂંપણો ફૂટતી હતી, ફૂલઝાડો પર ફૂલો બેસતાં હતાં અને ગમે ત્યાંથી આવી પહોંચેલાં પંખીઓ કલરવ કરતાં હતાં. ઉપરથી આ બધું જોઈને ખુશ થતા સૂરજદાદા ધીમે ધીમે આંખો મીંચી ગયા.


“કરૂણા”

# "કરુણા"

ઝરમર ઝરમર વહેતી રાત. બહાર બરફનાં ચોસલાં જેમાંથી કાપી શકાય એવું કાળમીંઢ અંધારું જામ્યું છે. સુસવાટા મારતા પવનમાં બારીઓના પડદા ફફડે છે. એવી જ રીતે ફફડી રહ્યું છે પાદરીનું મન. પાસે જ પત્ની ઘસઘસાટ ઊંઘે છે. ઊંઘમાં એમનો નિર્દોષ ચહેરો હસી ઊઠે છે. પરંતુ બેચેનીનાં મોજાં જેમને ઘેરી વળ્યાં છે. એવા પાદરીના હૈયામાં ચેન પડતું નથી. રાત તો શું જિંદગી જાણે વેરણ બની છે. એ પથારીમાં આમતેમ પાસાં ઘસે છે. ત્યાં કાળા ડિબાંગ આકાશમાં વીજળી ચમકે છે અને પાદરીને યાદ આવી જાય છે આવી જ એક મેઘલી રાત......

એ રાત પણ આવી જ હતી. ત્યારે પણ કોઈ અકળ મૂંઝવણથી રાત બેચેન બની હતી. ઊંઘ જોજનો દૂર ઊડી ગઈ હતી. પાસાં ઘસવા છતાં ઊંઘ આવતી નહોતી ને ત્યાં જ બારણે ટકોરા પડ્યા હતા.

"પાદરી સાહેબ?" "હા, કોણ વશરામ"? સફાળા બેઠા થઈ જઈને પાદરીએ પૂછયું હતું. "હા સાહેબ, આ મોડી રાતે આપને ઊંઘમાંથી ઉઠાડયા તેથી માફી માગું છું."

"અરે, ભલા માણસ, એમાં માફી શાની માગવાની? કોણ જાણે કેમ, આજે મને ઊંઘ જ આવતી નહોતી. બોલો, શો હુકમ છે?" પાદરી સાહેબ એમની રીત મુજબ હસીને બોલ્યા.

"સાહેબ, આપણી આગળ જે રક્તપિત્તિયાની વસાહત છે. ત્યાંથી આ ખેંગાર મને બોલાવવા આવેલો."

"કોણ ખેંગાર? પેલો અપંગ છે તે ?" હા, સાહેબં. "એ ત્યાં દૂર ઊભો ઊભો રડે છે." "એમ?" કહી પાદરી સાહેબ દૂરના ઝાડ નીચે ઊભેલા ખેંગાર તરફ ચાલ્યા. ત્યાં પહોંચ્યા તો જોયું તો ખેંગારના હાથમાં એક નાનકડું બાળક હતું. અને એની આંખોમાંથી આંસુ વહેતાં હતાં.

"પાદરી સાહેબ, આ છોકરીની મા"....ફરી એની આંખો ભરાઇ આવી.

"શું થયું છે ભાઇ, જલદી બોલ શું થયું. આ દીકરીની માને?" પાદરી સાહેબે પૂછયું અને ખેંગારના હાથમાંથી ઊંઘતી બાળકીને લઇ લીધી.

"સાહેબ, આપ જાણો છો કે એ માંદી છે. ડૉક્ટર સાહેબે કહ્યું કે એને ભારે રક્તપિત્તનો હુમલો થયો છે ને એને તરત જ દવાખાને લઇ જવી પડશે."

"હા....તો આ દીકરીનું શું? એમ જ તમને થયું હશે ખરું ને ?"

"હા, એટલે જ આ મોડી રાતે આપને તકલીફ આપવી પડી..."

"એમાં તકલીફ શાની?" ત્યાં આવી પહોંચેલા પાદરી સાહેબનાં પત્નીએ પતિના હાથમાંથી બાળકીને તેડી લીધી અને તેને ચુંબન કર્યું.

"સાહેબ, અમે તો બંને રક્તપિત્તિયાં, અમારાં છોકરાંઓને વળી કોણ રાખે?" ફરીથી ખેંગારની આંખોમાં આંસુ ચમકી ઊઠ્યાં.

"જો ભાઇ, બાળકો તો પ્રભુએ આપેલું ધન છે. પ્રભુના પ્રેમનો પૂરાવો છે, આ દીકરી આજથી અમારી જ દીકરી છે. તમે હવે એની કશી ચિંતા કરશો નહિં. અને વશરામ ભાઇ, તમે આ બંનેને અમદાવાદની હોસ્પિટલમાં તાત્કાલિક પહોંચાડો પૈસાની ચિંતા કરશો નહીં."

"ભલે સાહેબ." કહી વશરામભાઇએ ખેંગારનો હાથ પકડી, ચાલવાનું શરૂ કર્યું. જતાં જતાં ખેંગાર વળી વળીને પાછળ જોતો હતો અને એનાં આંસુથી ધરતી ભીંજાતી હતી.

પાદરી સાહેબ અને તેમનાં પત્ની નાની બાળકીને ઊંચકીને ઘેર પહોંચ્યાં તો પરોઢનું ખુશનુમા વાતાવરણ જાગી રહ્યું હતું અને જાગી ગયેલા પાદરી સાહેબના દીકરાઓ કુતૂહલપૂર્વક મા કેવી બાળકીને ઊંચકી લાવ્યા છે તે જોવા નીકળ્યા.

"મમ્મી, મમ્મી આ કોણ છે? તું આ કોને ઉપાડી લાવી?"

"બેટા, એ તમારી નાનકડી બહેન છે." અને પાદરી સાહેબનાં ઘરમાં ઉત્સાહને આનંદ છલકાઇ ઊઠ્યો. કારણ કે, એમને ત્રણ દીકરાઓ જ હતાં. પણ ઈશ્વરે દીકરીનું દાન આપ્યું નહોતું.

ઠંડા પવનનો એક ઝપાટો આવ્યો ને પાદરીસાહેબને થોડીક ઊંઘ આવી ગઇ. ઊંઘમાં સ્મરણપટ ઉપર ચિત્રપટનાં દશ્યોની જેમ દશ્યો ઊપસવા લાગ્યાં.

સવારે જ દીકરીનું મોં જોયું, છોકરી ગોળમટોળ ચહેરાની અને ફૂટડી હતી. એને કયે નામે બોલાવવી? એક મીઠી મૂંઝવણ મા-બાપના મનમાં હતી.

"એને આપણે નિર્મળા કહીશું? એ તો પ્રભુના પ્રેમ જેવી નિર્મળ છે." ખોળામાં મીઠું મીઠું મરકતી દીકરીને જોઇ એમણે એમની પત્નીને પૂછ્યું.

"નિર્મળા નામ તો સારું છે. પણ મને તો કરુણા વધારે ગમશે. કારણ કે એ સાચ્ચે જ કરુણા છે ને કરુણાનો એક અર્થ પ્રભુનો પ્રેમ કે પ્રભુના પ્રેમનું વરદાન એવો પણ થાય છે." પત્નીએ કહ્યું ને દીકરીનું નામ કરુણા પડી ગયું!

કરુણા પાદરી સાહેબ ને એમની પત્નીની વચ્ચે જ સૂતી. ક્યારેક એકની તો ક્યારેક બીજાની સોડમાં લપાઇ જતી. દિવસે ઊંઘતી ને રાતે જગાડતી. એમ ક્યારે એ વર્ષની થઇ ગઇ એની જાણે કોઇને ખબરેય ન પડી.

અચાનક એક દિવસ દીકરીને સખત ઝાડા ઊલટી થઇ ગયાં. તરત જ ડૉક્ટર પાસે લઇ ગયાં. ડૉક્ટરે તપાસી દવા આપી. એક ગોળી ત્યાં જ પિવડાવી દીધી પછી પૂછ્યું, "નામ?"

"કરુણા" પાદરી સાહેબે કહ્યું : ડૉક્ટરે પૂછ્યું.

"તમારી જ દીકરી છે ને? આમ તો તમારી ઉંમર મોટી લાગે છે. તમારું નામ લખું?"

"હા, મારું નામ બાપ તરીકે લખો, જો કે એ અમારી દીકરી નથી!

"તમારી દીકરી નથી?" ડૉક્ટરનું મોં આશ્ચર્યથી પહોળું થઇ ગયું. "તો તમે કેમ લાવ્યા છો? એનાં મા-બાપ ક્યાં છે? શું કરે છે?"

પાદરી સાહેબે હસીને કહ્યું, "એ અમારી દીકરી નથી ને અમારી દીકરી છે જ. એનાં માબાપ અત્યારે ક્યાં છે એની અમને પણ ખબર નથી." પછી પાદરી સાહેબે ટૂંકમાં આખી વાત કહી. ડૉક્ટરની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં ધીમેથી કહે "હવે એ મારી પણ દીકરી છે એની દવાના પૈસા ના હોય."

આંખ ઉઘાડો ને મીંચો એમ દિવસો, મહિનાઓ અને વર્ષો પસાર થઇ ગયાં. રમતિયાળ અને હસમુખી કરુણા પ્રાથમિકશાળામાંથી અને હાઇસ્કૂલમાંથી ક્યારે પસાર થઇ ગઇ એની ખબરે ન પડી. જોતજોતામાં એ પી.ટી.સી. પણ થઇ ગઇ. અને હવે જ પાદરી સાહેબની ખરી મૂંઝવણનો વખત શરૂ થઇ ગયો.

દીકરી તો પરણવા જેવી થઇ ગઇ. છોકરો પણ મળી રહેશે. પરંતુ કપડાં, ઘરેણાં વગેરેનું શું? ઘરમાં પત્નીની જે જૂની સાડીઓ છે એમાંથી થોડી કંઇ દીકરીને અપાય. વળી આપણી આર્થિક સ્થિતિ એવી કંઇ સધ્ધર નથી કે બધું સારામાં સારું ખરીદી શકાય.

કરુણા પૂછતી, "પપ્પા, તમે કેમ મૂંઝાયેલા મૂંઝાયેલા ફરો છો? મને કહો હું ચપટીમાં તમારી મૂંઝવણ દૂર કરી દઇશ."

કરુણાને બાથમાં લઇ એની મમ્મીએ કહ્યું : "બેટા, માબાપની મૂંઝવણ તો માબાપ જાણે, પણ તું જરીકે મૂંઝાઇશ નહિ. અમે છીએ ને?"

"પણ પપ્પાનો દુઃખી ચહેરો મારાથી જોવાતો નથી." કરુણાએ કહ્યું.

પાદરી સાહેબે બનાવટી હસીને કહ્યું : "બેટા, મને કશું થયું નથી. આ તો તારા હાથ પીળા કરવા પડશે એની ચિંતામાં છું."

"હું તો ક્યાંય જવાની નથી." કહી શરમાઇને કરુણા બીજા રૂમમાં જતી રહી.

પાદરી સાહેબ પ્રાર્થનામાં અને પ્રાર્થનાના ચમત્કારમાં-પ્રાર્થનાના પરાક્રમમાં માને. એ બપોરે પ્રાર્થના કરતાં હતા. ત્યાં ટપાલીએ બૂમ પાડી.-"પાર્સલ."

પાદરી સાહેબ બહાર નીકળ્યા ને પાર્સલ લીધું. પાર્સલ અમેરિકાથી આવ્યું હતું. મોકલનારનું સરનામું ઘણું બધું ફાટી ગયેલું હતું. પાદરી સાહેબે હળવેકથી પાર્સલ ખોલ્યું. ખોલતાં જ એમનું મોં આશ્ચર્યથી પહોળું થઇ ગયું. પાર્સલમાં નવી નકોર પંદર સાડીઓ હતી. ક્ષણભર તો મનમાં પ્રસન્નતા છલકાઇ ઊઠી પણ તરત જ એમને થયું હું

તો આશ્રમનો સંચાલક છું ને મારા આશ્રમમાં બહેનો પણ છે મારી દીકરીને સાડીઓની જરૂર ભલે હોય, આશ્રમની બીજી અનાથ બહેનોને હું કઇ રીતે ભૂલી શકું?

ત્યાં જ એમનાં પત્ની આવ્યાં. સાડીઓ જોઇ એ ખુશ થઇ ગયાં ને બોલ્યાં, ચાલો ઇશ્વરે તમારી મૂંઝવણ દૂર કરી નાંખી.

પાદરીસાહેબે પેલું ફાટી ગયેલું સરનામું માંડ માંડ ભેગું કર્યું. પછી પત્ર લખી નાંખ્યો. થોડા જ દિવસોમાં જવાબ આવી ગયો. એમાં પેલાં બહેને લખ્યું હતું મેં તો સીમેઇલથી (દરિયાઇ ટપાલથી) તમને પાર્સલ મોકલ્યું હતું. ત્રણ-ચાર મહિનાને બદલે એ તમને એકવીસ દિવસમાં કેવી રીતે મળ્યું? આપણા પ્રભુનો ચમત્કાર છે કે તમે મારું સરનામું પણ ખોટું કરેલું તેમ છતાં મને કાગળ મળી ગયો છે. તમારી દીકરીનાં લગ્ન માટે મૂંઝાશો નહિ હું બીજી સાડીઓનું પાર્સલ મોકલું છું."

પાદરી સાહેબને હાશ તો થઇ પણ તરત જ બીજી મૂંઝવણ થઇ. લગ્ન સાદું સીધું કરો એ તો ચાલે પણ દીકરીને થોડાં ઘરેણાં તો આપવાં પડે?

થોડીક એના ઘરની સાધન સામ્રગી આપવી પડે. એના પૈસા ક્યાંથી આપશે? પછી એ મનોમન બોલ્યા "મારો પ્રભુ મહાન છે તે પૂરું પાડશે."

પાદરી સાહેબની તૈયારીઓ ચાલુ હતી. પ્રાર્થનાઓ પણ ચાલુ જ હતી. એક વાર એ ઘૂંટણે પડ્યા હતા ને ફરી

પોસ્ટમેનનો પોકાર પડ્યો. "રજિસ્ટર!" પાદરીસાહેબે રજિસ્ટર લીધું ખોલ્યું તો આ વખતે તો સાચ્ચે જ એમની આંખો આશ્ચર્યથી બેવડાઈ ગઈ.

અંદર બે ચેક હતા. રજિસ્ટર ઇંગ્લેન્ડથી આવ્યું હતું. મોકલનારે લખ્યું હતું. "પહેલો સાતસો પાઉન્ડનો ચેક તમારા કુટુંબના અંગત ઉપયોગ માટે જ છે. બીજો ૩૦૦ પાઉન્ડનો ચેક તમારી સંસ્થા માટે છે."

પાદરી સાહેબની આંખોમાં નાના બાળકની જેમ આંસુના પૂર ઉમટી રહ્યાં. પણ આ વખતે એ આભાર ને આનંદનાં આંસુ હતાં.

# જાડો

અને

પાતળો



# જાડો અને પાતળો

એક નાનકડું ગામ. નદીકિનારે કિલ્લોલતું ગામ. થોડાક કુટુંબો ત્યાં વસે. બધાં વચ્ચે સારો મનમેળ. ગામની પાદરમાં જ એક નાનકડી નદી વહે. નદીનાં ખળખળ વહેતાં પાણીમાં પગ ડબોળીને બેસવાની બાળકોને મજા પડે. એ નદી વટાવો એટલે ઘોર જંગલ શરૂ થાય. એમાંથી કયારેક તો વનપશુઓ ગામ પાસે આંટો મારી જાય. પણ ગામના કદાવર કૂતરા એવા ભસે કે પેલાં જાનવરો પાછાં વળી જાય!

આવા ગામમાં બે ભાઈઓ રહે. મોટો ભાઈ શરીરે ખૂબ કદાવર એના બળવાન. હાથ છેક એના ઢીંચણ સુધી પહોંચે. પહોળી છાતી અને ધરતી ધ્રુજાવતા પગ. શરીરે હટ્ટોકટ્ટો આ જુવાન બુદ્ધિમાં એટલો બળિયો નહિ, એની બુદ્ધિ પ્રમાણમાં મંદ. એને પૂરેપૂરું સમજતાં સમય લાગે.

એને એક ભાઈ. એ શરીરે નબળો. મોટાભાઈની સામે તો એ બાળક જેવો લાગે. પરંતુ મોટાભાઈ કરતાં એની બુદ્ધિ થોડી વધારે સતેજ.

એ બંને ભાઈઓ શાળામાં ભણ્યા નહોતા. પરંતુ એ ગામ લોકો માટે મીઠું બનાવવાનો ધંધો કરતા. જંગલમાંથી અમુક વૃક્ષોનાં પાંદડાં લાવી તેમાંથી મીઠા જેવું બનાવતા અને ગામલોકોને આપતા. એ જંગલમાં ઊંડે સુધી ગયેલા નહિ. તેથી જંગલનાં પશુઓ અને પંખીઓને ખાસ ઓળખે નહિ.

એક દિવસ બંને જંગલમાં ઊપડ્યા. આ વખતે પાસે પેલાં પાંદડાં મળ્યાં નહિ. એટલે એમને જંગલમાં ઊંડે સુધી જવું પડ્યું. ડાળીઓ તોડીને આગળ વધતા બંને થાક્યા. એટલો થાક લાગ્યો કે તેમને થયું કે આરામ કરવો પડશે.

ત્યાં સૂર્ય આથમી ગયો. આમેય જંગલમાં તો અંધારું હોય. બંનેને થયું કે એક ઝાડ નીચે તેમને વિશ્રામ કરવો પડશે. તેઓ ઝાડ નીચે આડા પડ્યા.

ત્યાં મોટા જાડિયા ભાઈને તરસ લાગી. તેણે પોતાના નાના ભાઈને પાણી લેવા મોકલ્યા. એ પાણીની શોધમાં હતો. ત્યાં તેણે એક વાઘ જોયો. પેલો ભાઈ તો વાઘને ઓળખે નહિ. એ તો બિલાડીને ઓળખે. એટલે તેણે ધાર્યું કે 'કોઈ મોટી બિલાડી હશે.

વાઘ લપાઈને બેઠો હતો. ત્યાં એક હરણ નીકળ્યું. વાઘે તો તરાપ મારીને હરણને પકડી લીધું. અને ખાવા લાગ્યો. નાના ભાઈને થયું કે આ બિલાડી આટલી મોટી કેવી રીતે થઈ હશે!

એણે તો એક મોટો પથ્થર લીધો અને કચકચાવીને પેલા વાઘને માર્યો.

પછી એને ઝરણું મળી આવ્યું. ત્યાંથી પાણી ભરી એ પાછો આવ્યો એણે પોતાના ભાઈને કહ્યું, “આજે તો મેં એક અજાયબ જેવી વાત જોઈ”

“શું જોયું?”

"મેં એક મોટી બિલાડી જોઇ. એ એક હરણનો શિકાર કરતી હતી."

"બિલાડી! આટલી બધી મોટી! તો તો મારે પણ એને જોવા આવવું પડશે!" જાડિયાએ કહ્યું.

"ચાલ ત્યારે" એમ કહી બંને ભાઇ પેલી મોટી બિલાડીને શિકાર કરતી જોવા નીકળ્યા.

એ પેલા શિકારના સ્થળે પહોંચ્યા તો વાઘ ત્યાંથી જતો રહ્યો હતો. હરણ ત્યાં પડેલું હતું.

"ચાલ, આપણે આ હરણને લઇ જઇએ. આપણી પાસે ખોરાક નથી. એટલે સૂકી ડાળીઓ સળગાવી આ હરણને શેકીશું."

બંને ભાઇ હરણને ઊંચકીને ચાલી નીકળ્યા. પેલા ઝાડ પાસે જઇ સૂકી ડાળીઓ ભેગી કરી. સળગાવી તેમાં પેલા હરણને બાફવા મૂક્યું.

ત્યાં તો પોતાના શિકારની શોધ કરતો વાઘ માંસની વાસથી ખેંચાઇને ત્યાં આવ્યો. એણે કહ્યું, "આ હરણ તો મારું છે. મેં એનો શિકાર કરેલો. તમે એને કેમ ઉપાડી લાવ્યા છો?"

નાના ભાઇએ કહ્યું. "જા, જા હવે! આ હરણ તો અમે ઊંચકીને લાવ્યા છીએ એ તારું શાનું?"

પછી તો બંને વચ્ચે લડાઇ ચાલી. જાડિયો તો આરામથી બેઠો રહ્યો. એણે કહ્યું, તમારામાંથી ગમે તે જીતે

તેની મને પરવા નથી. પણ હું આ હરણને કોઈને આપીશ નહિ!"

નાના ભાઈને ખબર હતી કે એના જાડિયા ભાઈને ખાવા સિવાય બીજા કશામાં રસ નથી. એટલે જાડિયો આંખો મીંચીને બેઠો હતો. ત્યાં એણે પેલું તપેલું ગબડાવી દીધું. એણે મોટેથી કહ્યું "ભાઈ, પેલી બિલાડીએ તપેલી ગબડાવી!"

આ સાંભળીને જાડિયો ઊભો થઈ ગયો. એણે પેલા વાઘને પૂંછડીથી પકડ્યો. પૂંછડીથી પકડી એણે પેલા વાઘને ગોળ ગોળ ફેરવવા માંડયો. એ એટલા જોરથી વાઘને ઘુમાવતો હતો કે વાઘની પૂંછડી ફટાક દઈને તૂટી ગઈ!

પૂંછડી વગરનો વાઘ જીવ લઈને ભાગ્યો. બે ભાઈ જંગલમાં આગળ વધ્યા.



# ત્રણ દોસ્તોની વાત

# ત્રણ દોસ્તોની વાત

ઘણાં ઘણાં વર્ષો પહેલાંની વાત. ઇંગ્લેન્ડ આમ તો ખૂબ નાનકડો દેશ, પણ છે ખૂબ રળિયામણો. નાનાં નાનાં મેદાનો, નાનકડી નદીઓ અને ખૂબ ઊંચો નહિ એવો પહાડી પ્રદેશ.

આ ઇંગ્લેન્ડની રાજધાની છે લંડન. આજે તો દુનિયાનું એક સૌથી મોટું શહેર બની ગયું છે. એની ઉત્તરે યોર્કશાયરનો રમણીય પ્રદેશ, એનું મુખ્ય શહેર છે યોર્ક.

આ યોર્ક શહેરમાં ત્રણ જુવાનો વસે. એકનું નામ ટોમ, એકનું નામ જેક અને ત્રીજાનું જો. ત્રણેમાં અગાધ મિત્રતા. એવી દોસ્તી કે છૂટા પડવાનું નામ ન લે. રહે પણ સાથે, જમે પણ સાથે જ. એનું એક મુખ્ય કારણ એ હતું કે ત્રણેનાં માબાપ મૃત્યુ પામ્યાં હતા. હવે એ ત્રણે મિત્રોને એકબીજાનો સહારો હતો એકબીજાની હૂંફ હતી. ત્રણે ખાસ કશું ભણ્યા નહોતા એટલે આમતેમ ફરીને છૂટક મજૂરીનું કામ કરીને ગાડું ગબડાવે. એમાં વળી એક વર્ષે દુકાળ જેવી પરિસ્થિતિ આવી. છૂટક કામ પણ મળતું હતું તે બંધ થઇ પણ ગયું. હવે તો ત્રણેને ખાવાના ફાંફાં પડવા માંડ્યાં.

એક દિવસ તો એવો આવ્યો કે ઘરમાં કશું ખાવાનું મળે નહિ. ત્રણે ભૂખ્યા ડાંસ જેવા બેઠેલા. એકબીજાના મોં સામે જોયા કરે. શું કરવું એની સૂઝ ન પડે.

આવી મૂંઝવણમાં કેટલા દિવસ રહેવાય? ત્રણે

મિત્રોએ ચર્ચા કરી. ત્રણેએ નક્કી કર્યું કે "આપણે ત્રણે લંડન જઇએ. એ રાજધાની છે. ત્યાં આપણ ત્રણેને કંઇ ને કંઇ કામ મળી રહેશે."

ત્રણે નીકળ્યા સાથે કંઇ લેવાનું તો હતું નહિ ત્યાં પાસે એક બેકરીની દુકાન હતી. દુકાનમાં ભાતભાતનાં બિસ્કીટ હતાં. ચારેબાજુ સુંદર ખુંશ્બુ આવતી હતી. ત્રણે ત્યાં ઊભા રહી ગયા. ખાવાની તો ઘણી ઇચ્છા થાય, પણ પૈસા ક્યાંથી કાઢવા? ત્યાં એક સફેદ દાઢીવાળાં દાદાજી નીકળ્યા.

ત્રણેને જોઇને ઊભા રહી ગયા. "કેમ બિરાદરો, ક્યાં સવારી ઊપાડી?" એમણે પૂછ્યું.

એકે કહ્યું, "દાદાજી અમે લંડન જવાનું વિચારીએ છીએ."

દાદાજી તો બાળકની જેમ ખિલખિલાટ હસી પડ્યા. "જુઓ ભાઇ, તમારી ઉંમરે મેં પણ એવું જ નક્કી કરેલું હું લંડન ગયેલો પાસે કશું મળે નહિ પણ હિંમતથી કામ કર્યું અને બે પૈસે થયો. આજે મારે લીલાલહેર છે. તમતમારે ખુશીથી ઊપડો. ભગવાન તમને સહાય કરે!"

દાદાજીનાં આશીર્વાદ મેળવી ત્રણે લંડન તરફ જતા રસ્તા પર ઝડપથી ચાલ્યા. ત્યારે કંઇ મોટરો ન હતી. સ્કૂટરો ન હતાં. માત્ર થોડીક સાઇકલો રસ્તા ઉપર દેખાતી. દૂર જવું હોય તો ચાલીને જ જવું પડે. આમેય ત્રણે પાસે વાહન ક્યાં હતું? ત્રણે ઊપડ્યા ચાલતા જાય અને ગપ્પાં

મારતા જાય. રસ્તો જાણે ઝડપથી ખૂટતો હતો. એ થોડા થાક્યા પણ ખરા.

દાદાજીએ કહ્યું હતું કે "લંડન પહોંચશો ત્યારે દૂરથી સેન્ટ પૉલના કેથિડ્રલ (દેવળ)ના ઊંચા ઊંચા મિનારા દેખાશે. એ દેખાય એટલે સમજી લેવું કે તમે લંડન પાસે આવી પહોંચ્યા છો."

હવે રસ્તાના ત્રણ ભાગ થતા હતા. એક સીધો જતો હતો. બે આડાઅવળા જતા હતા. ક્યો રસ્તો લંડન લઈ જતો હશે ત્રણે મૂંઝાયા. રસ્તા ઉપર કોઈ ચકલુંયે ફરકતું ન હતું. પૂછે તો કોને પૂછે? ત્રણે મૂંઝાઈને ઊભા રહ્યા.

"આપણે કયો રસ્તો લઈશું?" એકે પૂછયું. ત્રણેના મોં ઉપરથી પરસેવાના રેલા ટપકતા હતા.

"ભગવાન જાણે ભાઈ! બીજાએ કહ્યું, મને તો કશી સમજ પડતી નથી."

"મનેય સમજ પડતી નથી." ત્રીજાએ કહ્યું.

છેવટે મોટાએ કહ્યું "એમ કરીએ હું સીધા રસ્તે જઉં. તું ડાબી તરફના રસ્તા પર આગળ જા. આમ આપણે ત્રણે જુદા જુદા અને તું જમણી તરફનો રસ્તો પકડ! રસ્તે નીકળીએ છીએ. લંડનમાં આપણે ત્રણે એકબીજાને શોધી કાઢીશું."

બધા સંમત થયા. એકબીજાને ભેટ્યા. થોડાક આંસુ પણ સાર્યા. પછી (આવજો) કહીને ત્રણે છૂટા પડ્યા.

ફરી મળીશું કે કેમ એ વિશે દરેકના મનમાં મૂંઝવણ હતી. તોય અલવિદા કરી છૂટા પડ્યાં. ટોમે ડાબી તરફનો રસ્તો લીધો. એ જલદી જલદી ચાલવા લાગ્યો. પરંતુ એકદમ કંઇ રસ્તો ખૂટે? કલાકો તો શું દિવસો પસાર થઇ ગયા. એને ખૂબ થાક લાગતો હતો. ત્યાં એક દિવસ એણે પેલા દેવળના મિનારા જોયા. એને થયું કે એ સેન્ટ પૉલનું કેથેડ્રલ જ હોવું જોઇએ. એનાં ચિત્રો-ફોટા મેં જોયા છે. હવે હું લંડન શહેરમાં પહોંચી ગયો છું.

એ ખૂબ થાકી ગયો હતો. ખૂબ ભૂખ્યો પણ થયો હતો. એને આંખે અંધારા આવતાં હતા. તેથી સામે ઊભા રહેલા પોલિસમેનને કે એના ઘોડાને એ જોઇ શક્યો નહિ. એ સીધો ઘોડા પાસે ગયો. અજાણ્યા માણસને પાસે આવતો જોઇને ઘોડો ગુસ્સે થયો.

પોલિસવાળો તો બીજા રાહદારી સાથે વાત કરતો હતો. એને કંઇ ધ્યાન રહ્યું નહિ. પણ ગુસ્સે થયેલા ઘોડાએ ટોમને જોરથી લાત મારી. ટોમ તો ફંગોળાઇને દૂર પડ્યો. થાકેલો તો હતો જ. એ ત્યાં ને ત્યાં બેભાન થઇ ગયો.

"અરે! આને તો વાગ્યું લાગે છે!" પોલિસવાળાએ જઇને ટોમને ઊંચકી લીધો. "હે ઇશ્વર! તમને તો કંઇ બહુ વાગ્યું નથી. હું એને મારે ઘેર લઇ જઇશ. મારા દીકરાની જેમ એની ચાકરી કરીશ." આમ કહી તેણે બેભાન ટોમને પોતાના ઘોડા પર બેસાડ્યો. એને ઘેર લઇ ગયો. બંને પતિપત્નીએ ખૂબ પ્રેમથી ટોમની સારવાર કરી. એમને

કોઇ બાળકો નહોતાં. એટલે એમણે ટોમને પોતાને ઘેર રાખ્યો. પોતાનાં સગા દીકરાની જેમ રાખ્યો. એને ભણાવ્યો. ખૂબ પ્રેમ આપ્યો ટોમ તો સારું ભણ્યો ત્રણચાર વર્ષમાં તો એ એના પપ્પાની જેમ પોલિસમેન બની ગયો.

જેકે વચ્ચેનો રસ્તો લીધો હતો. એ ચાલતાં ચાલતાં થાકી જતો હતો. એને પણ ખૂબ ભૂખ લાગી હતી. એ એક નાના શહેર પાસે આવી પહોંચ્યો. ત્યાં એક વિશાળ મહેલ જેવું મકાન હતું. એ એટલો થાકી ગયો હતો કે એ પેલા રાજમહેલ આગળ જ ઢળી પડ્યો!

સદ્‌ભાગ્યે એ વિશાળ મકાનમાં એક વૃદ્ધ પતિપત્ની રહેતાં હતાં. એ નિ:સંતાન હતાં. બાળકો વગર એમનું મહેલ જેવું મકાન પણ જાણે ખાલી ખાલી લાગતું તે વૃધ્ધ પુરુષ ફરવા માટે બહાર નીકળ્યા. બહાર એમણે ચીંથરેહાલ એવા જેકને પડેલો જોયો. એ ઝટઝટ અંદર જઇ એમની પત્નીને બોલાવી લાવ્યા.

બંને ઘરડા માણસોએ જેકને ઊંચકી ઘરમાં લીધો. એની ખૂબ સારવાર કરી. એને માબાપ જેવો જ પ્રેમ આપ્યો.

જેક સારો થઇ ગયો. હરતો ફરતો થઇ ગયો, એટલે તેમણે એને પોતાનો દીકરો જ બનાવી દીધો.

જેક પણ ખુશ હતો. એને તો ઘર મળ્યું. માબાપ જેવાં પ્રૌઢ દંપતિ-પિતા અને માતા બંને મળ્યા. એ ત્યાં રહી ખૂબ સારું ભણ્યો. એને તો ખૂબ સારાં વસ્ત્રો પહેરવાં

મળતાં હતા. એ કોલેજમાં પણ ગયો. એ જ્યાં જાય ત્યાં સારાં કપડાં પહેરે. એની પોતાની મોટર લઇને બધે ફરે. એનો તો આખો દેખાવ જ બદલાઇ ગયો.

સૌથી નાના જો એ જમણી તરફનો રસ્તો પકડ્યો હતો. એ પણ ચાલતાં ચાલતાં ખૂબ થાકી ગયો હતો. એને પણ ખૂબ ભૂખ લાગી હતી. એ લંડનં શહેરનાં પરગણામાં પહોંચ્યો ત્યારે થાકીને લોથ થઇ ઢળી પડ્યો.

ત્યાં ખિસ્સાકાતરુઓની એકં ગેંગ ઊભી હતી. તેનો આગેવાન આવ્યો. ત્યારે તેઓ બધા ભેગા થઇને જોને પાસેના મકાનમાં લઇ ગયા. ત્યાં એની ચાકરી કરી. એને સારો ખોરાક આપ્યો. સારાં કપડાં આપ્યાં.

પણ એ સારો થયો એટલે એને પોતાની ગેંગમાં જોડી દીધો. એને રીતસરનો ગુંડો બનાવી દીધો એનો તો દેખાવ પણ બદલાઇ ગયો. એમને એમ ચાર-પાંચ વર્ષો પસાર થઇ ગયાં.

ત્રણે દોસ્તો હવે બદલાઇ ગયા હતા. એકબીજાને ફરી મળવાની વાત તો યાદ જ આવે ક્યાંથી?

એક દિવસની વાત છે જેક હવે ખૂબ શ્રીમંત બન્યો હતો. જ્યાં જાય ત્યાં મોટર લઇને જ જાય. મોટર વગરના જેકની જાણે કલ્પના જ ન કરી શકાય!

એક દિવસે પણ એ મોટર લઇને નીકળેલો. રસ્તામાં લાલ લાઇટ થઇ. એણે પોતાની ગાડી થોભાવી. ત્યાં જ

અચાનક જાણે હવામાંથી ફૂટી નીકળ્યો હોય એમ એક ગુંડો એની સામે આવીને ઊભો રહ્યો. એના હાથમાં ભરી બંદૂક હતી.

"જે કંઇ ખિસ્સામાં હોય એ જલદી આપી દે નહીંતર મૂઓ સમજ! જલદી કર!" એણે જેકના લમણા સામે પોતાની બંદૂક ધરી રાખી.

ત્યાં જ એક પોલિસ ઓફિસર મારતે ઘોડે આવી પહોંચ્યો. એણે પણ પોતાની બંદૂક પેલા ગુંડા સામે ધરી દીધી. "બંદૂક ફેંકી દે! આ મારી બંદૂક તારી સગી નહિ થાય! જલદી કર!" ગુંડો તો ગભરાઇ ગયો. જેકની પાછળ દોડી આવેલા બીજા પોલિસે એ ગુંડાને પકડી લીધો.

જેકે પેલા પોલિસ ઓફિસરનો ખૂબ આભાર માન્યો. "હું આપનો ખૂબ આભારી છું. આપે મારો જીવ બચાવ્યો. આપનું નામ શું છે?"

"મારું નામ ટોમ."

ટોમ શબ્દ સાંભળતાની સાથે જેકને ખ્યાલ આવ્યો શું આ ટોમ હશે? ચહેરો તો લાગે છે. એણે ફરી પૂછ્યું "શું આપ ટોમ જોન્સ છો?"

"હા, એજ છું. પણ તમને મારા નામની ક્યાંથી ખબર પડી? અરે શું તમે....તું જેક તો નથી?"


"હા, હું એ જેક જ છું!" કહી જેક બહાર આવી ટોમને ભેટી પડ્યો. બંનેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં.

એમના આશ્ચર્ય વચ્ચે એમણે જોયું તો પેલો ગુંડો હ્રદયફાટ રડતો હતો. બંને એની પાસે ગયા.

"ભાઈ, તું કેમ રડે છે?" પોલિસમેન ટોમે પૂછયું.

"ટોમ, જેક!" રડતાં રડતાં પેલા ગુંડાએ કહ્યું "હું તમારો ત્રીજો દોસ્ત છું. મને માફ કરી દો! મને માફ કરી દો!"

ત્રણે એકબીજાને ભેટીને રડી પડ્યા. આકાશ પણ જાણે ઝરમર ઝરમર આંસુથી રડતું હતું. ત્રણે દોસ્તો ફરીથી મળી ગયા હતા.


વિરાટકાય
દેડકો

# વિરાટકાય દેડકો

એક મોટું જંગલ. એમાં પહાડો પણ ખરા. એમાં ખીણો પણ ખરી. આવી એક ખીણમાં એક હરણ રહે. હરણ ખૂબ ઓછું બોલનારું. પણ એ કાયમ કોઈની મદદે દોડી જવામાં માને. એની આંખોમાં કાયમ દોસ્તીનો ભાવ છલકાયા કરે. હરણ ભોળું અને ઉદાર. કોઈ મુશ્કેલીમાં હોય તો હરણ એને મદદ કરવા આતુર. એના ચપળ પગ કાયમ મુશ્કેલીમાં હોય તેવાંઓની મદદે દોડે. આથી એ વિસ્તારમાં એનું ઘણું માન. ત્યાંના પ્રાણીઓ અને પંખીઓ એને ચાહે, એનું માન જાળવે.

ઉનાળામાં નદીનાં પાણી છીછરાં બને. ટેકરીઓ ઉપરનું ઘાસ પણ ઓછું થઈ જાય. પરંતુ બહાદુર હરણ એ થોડા ઘાસમાંથી પણ ચલાવી લે. એ ક્યારેય ફરિયાદ ન કરે.

શિયાળો આવે ત્યારે એ પહાડો પરથી નીચે ઊતરે, નીચે લીલાંછમ મેદાનો ત્યાં ઘાસ પણ પુષ્કળ મળી રહે. અહીં એને મીઠું પણ મળી રહે. હરણને મોળા કરતાં મીઠું વધારે ગમે. મેદાનોમાં પુષ્કળ મીઠું મળે એટલે હરણને મેદાનોમાં જવાની મજા પડે.

એક દિવસની વાત છે. શિયાળાનો દિવસ હતો. ચારાની શોધમાં હરણ મેદાનોમાં ગયું. અચાનક ઘાસના એક ઝૂંડ પાછળથી તેને એક વાઘનું મોં દેખાયું. વાઘ ભૂખ્યો હતો અને હરણને જોઈને ખુશખુશ થઈ ગયો.

"હું ભૂખ્યો છું હું તને ખાઇ જઇશ."

હરણ તો ગભરાઇ ગયું. એના મોં પરથી નૂર ઊડી ગયું. "મને...? કેમ...મને?"

"હા, તો તારા સિવાય અહીં બીજું કોણ છે?" વાઘ ખંધુ હસીને ગરજ્યો.

"મારી સામે તો જુઓ! હું નર્યો હાડકાંનો માળો છું. મારામાં માંસ નથી...."

"કશો વાંધો નહિ." વાઘે ફરીથી ગર્જીને કહ્યું "મામો ન હોય તો કાણો મામોય ચાલે. બોલ, તારે શું કહેવું છે?"

"નામદાર, આપ તો સમજુ છો. લાગે છે કે, આપ ખૂબ ડાહ્યા પણ છો. હું તો ઘાસચારાની શોધમાં જઇ રહ્યું છું. ત્યાં મને મીઠું મળશે, એટલે હું તાજુંમાજું અને તંદુરસ્ત થઇ જઇશ."

"એથી મને શો લાભ?" કહી વાઘે પોતાની લાલચોળ જીભ બહાર કાઢી.

"તો આપને ખૂબ તાજુંમાજું હરણ મળશે. એના માંસમાંયે સ્વાદ હશે. પછી આપને શો વાંધો? થોડી રાહ જોવામાં કંઇ નુકશાન ખરું?" હરણે આજીજીપૂર્વક, બે હાથ તો નહિ પણ બે પગ જોડી કહ્યું.

"પણ હું તને કેવી રીતે ઓળખવાનો?" વાઘે થોડીક ચિંતામાં પડી જઇને પૂછ્યું "પરંતુ તું પાછું ફરીશ અને મને

મળીશ, એની ખાતરી શી?" વાઘે હસીને કહ્યું. "એક વાર જે છટકી ગયું તે કાયમ માટે છટક્યું," કહી વાઘ હસી પડ્યો.

"એ તો તદ્દન સહેલી વાત છે. શિયાળો પૂરો થતાં હું આજ રસ્તે પાછું ફરીશ. આપ ખાતરી રાખજો." હરણે નમ્રતાથી કહ્યું.

વાઘે ચોકસાઈ કરતાં કહ્યું, "પરંતુ તારે શિયાળાના છેલ્લા દિવસે અહીં પાછું ફરવું પડશે. એમાં કશી ગરબડ નહિ ચાલે. સમજયું?" કહી વાઘે હરણને જવા દેવાની પરવાનગી આપી.

એણે એક વચન લીધું કે, "તારે અમુક ચોક્કસ દિવસે શિયાળો પૂરો થાય ત્યારે અહીં હાજર થઈ જવાનું." હરણે હા પાડી.

હરણ તો પછી મેદાનોમાં પહોંચ્યું. એ ખીણોમાં ગયું અને ટેકરીઓ પર ચઢ્યું. અહીં લીલુંછમ ઘાસ હતું. પુષ્કળ પાણી હતું. એ તગડું અને મજબૂત બન્યું.

ધીમેધીમે વચન પૂરું કરવાનો દિવસ નજીક આવવા લાગ્યો. હરણ મૂંઝાવા લાગ્યું. એનો હસમુખો ચહેરો થોડોક રંગ બદલવા લાગ્યો. પેલો વાઘ જરૂર એની વાટ જોતો હશે. હવે તો શરીરે મજબૂત બન્યું છે એટલે એને ખાવાની મજા પડશે. જાતજાતના વિચારોથી એ દુઃખી દુઃખી થઈ જતું.

છેવટે એ દિવસ આવ્યો. શિયાળાનો છેલ્લો દિવસ. આજે એણે વચન મુજબ પાછાં ફરવાનું હતું. એની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. એ એક ખડક પર બેઠું અને રોવા લાગ્યું.

એજ વખતે એક વિરાટકાય દેડકો ત્યાંથી પસાર થયો. એણે હરણને પૂછ્યું, "અરે ભાઇ, શી વાત છે? તું તો તંદુરસ્ત અને મજબૂત દેખાય છે. આમ, નાના બાળકની જેમ રડે છે શું કામ?"

"અરે મિત્ર, તને કશી ખબર લાગતી નથી. આજે તો મારી જીંદગીનો છેલ્લો દિવસ છે." હરણે આંસુ સારતાં કહ્યું.

"છેલ્લો દિવસ?" દેડકાએ ચોંકી જઇને કહ્યું "ભલા માણસ, જરા સમજાય એવી વાત તો કર."

હરણે એને પહેલેથી છેલ્લે સુધી બધી વાત કહી. કેવી રીતે વાઘ એને મળ્યો, વાઘથી એ કેવી રીતે બચ્યું. એણે કેવું વચન આપવું પડ્યું. આ બધી વાતો રડતાં રડતાં માંડીને પેલા દેડકાને કહી સંભળાવી.

"હં, તો વાત એમ છે!" દેડકાએ મૂછમાં હસીને કહ્યું. હવે તું એ બધી ચિંતા મારાં ઉપર છોડી દે!"

"તારા ઉપર છોડી દઉં? ભાઇ, તું મને શી મદદ કરવાનો?" હરણે પૂછ્યું, "તું એ બધું મારા ઉપર છોડી દે. હું કહું એમ કર. મારી પાછળ ધીમેધીમે આવજે."

દેડકો તો ધબધબ ધબધબ કરતો ચાલવા લાગ્યો. એની પાછળ, થોડે દૂર ગભરાયેલું હરણ આવતું હતું. ચાલતાં ચાલતાં દેડકો પેલો વાઘ બેઠો હતો તે સ્થળે આવી પહોંચ્યો. વાઘ તો પોતાના શિકારની વાટ જોઇને બેઠો હતો.

"હલ્લો, બહાદુર વાઘજી કેમ મજામાં ને?" દેડકાએ પૂછ્યું.

"હા, કેમ છો?" વાઘે કંઇ બહુ રસ બતાવ્યો નહિ.

"શું આપ કોઈની વાટ જુઓ છો? આપની આંખો જાણે કોઈની વાટ જોતી લાગે છે?"

"હા, હું એક હરણની વાટ જોઉં છું."

"હરણ?" કેવી નાખી દેવા જેવી વાત કરો છો? હરણ તો કાંઇ પાછું આવતું હશે?" દેડકાએ છેક પાસે જઇ પૂછ્યું.

"હા, એ હરણે મને પાછા આવવાનું વચન આપ્યું છે," વાઘે કહ્યું.

"તો શું તમે માની લીધું છે કે હરણ પાછું આવશે?" મૂછમાં હસતાં દેડકાએ કહ્યું.

"હા, એ આવશે જ," કહી વાઘે બધી વાત માંડીને કહી સંભળાવી.

ફરી દેડકો હસ્યો. "તમે વનના રાજા થઇને આવી

વાત માની લીધી? હવે હરણ કે ફરણ કશું પાછું ન આવે. એમ કરીએ આપણે નિરાંતે બેસીએ. આપના શરીર ઉપર બહુ માંકડ કે ચાંચડ જેવા જંતુઓ દેખાય છે" દેડકાએ કહ્યું.

"હા, એ મને બહુ પજવે છે પણ હું કંઇ કરી શકતો નથી."

"અરે એમાં મૂંઝાવ છો શું કામ? હું એ માંકડ કે ચાંચડ જેવાં જંતુઓને સાફ કરી દઉં છું. આપ જરાક આડા પડો."

વાઘ તો લાંબો થઈને સૂઇ ગયો. દેડકો એના ગળા પાસે પહોંચ્યો. એકએક કરી એના વાળ તોડવા લાગ્યો એ એવી સિફતપૂર્વક તોડતો હતો કે વાઘને ઊંઘ આવી ગઇ.


વાઘ જાગ્યો તો એણે જોયું કે દેડકો લોહી જેવી ઊલટી કરતો હતો, વાઘના થોકબંધ વાળ એ થૂંકતો હતો. વાઘ તો આ જોઇને ગભરાઇ ગયો. એ તો જીવ લઇને ભાગ્યો એવો ભાગ્યો કે ન પૂછો વાત!

વાઘને નાસી ગયેલો જોઇને દેડકો ખુશ થયો. અને દૂર સંતાયેલું હરણ બીતુંબીતું આવ્યું. દેડકાએ કહ્યું, દોસ્ત, તારો દુશ્મન તો જીવ લઇને ભાગી ગયો છે. પછી હસતાં હસતાં એણે બધી વાત કહી.

ઉપકારવશ હરણ તો દેડકાના પગ આગળ પડી ગયું. દેડકાએ એને ઊભું કર્યું. અને કહ્યું, "દોસ્ત, તેં તો ઘણાની મદદ કરી છે મેં તારી મદદ કરી એમાં આભાર માનવાનો

હોય નહિ. ફરી આવું કંઈ કામ હોય, તો મને જરૂરથી બોલાવજે, કહી દેડકાએ એને પોતાનું સરનામું આપ્યું.

બંને દોસ્તદારો હસીને છૂટા પડ્યા.



# સંતના આશીર્વાદ

# સંતના આશીર્વાદ

એક નાનકડું ગામ. એક વિશાળ નદીના કિનારે વસેલું એમાં થોડાંક કુટુંબો રહે, તેમાં એક વૃદ્ધ માતા પોતાનાં દીકરા સાથે રહે. આખા ગામમાં બધાંની આર્થિક સ્થિતિ સારી નહિ. લગભગ બધાં જ ગરીબ.

આ વૃદ્ધ માતા ખૂબ મહેનત મજૂરી કરીને પોતાનું અને દીકરાનું ગુજરાન ચલાવે. દીકરો સાહસિક અને નીડર. ક્યાંય જતાં એને ડર ન લાગે.

એક દિવસની વાત છે. વૃદ્ધ મા રસોઇ કરતાં હતાં. દીકરો બહાર ગયો હતો. ઘરમાં આમ પણ હાંલ્લાં કુસ્તી કરે!

મા રસોઇ કરતાં હતાં. ત્યાં એક પ્રભુભક્ત આવ્યા. પ્રભુનાં ભક્તને ખૂબ ભૂખ લાગી હતી. થાક પણ લાગ્યો હતો. ઘરમાં જમવાનું તો ઠેકાણું નહિ. ત્યાં પ્રભુભક્તે આવી ખોરાકની માંગણી કરી.

માજી મૂંઝાયાં. દિલના એ ઉદાર હતાં. એમણે ભાવ પૂર્વક પ્રભુના ભક્તને જમાડ્યા. ખોરાક તો સાદો હતો, છતાં એમાં માજીનો ભાવ ઉમેરાયો હોવાથી પ્રભુભક્તને જમવાની મજા આવી.

જમ્યા પછી એમણે કહ્યું, “માજી, તમારા સિવાય આ ઘરમાં કોણ છે?”

માજીએ કહ્યું, “એક દીકરો છે. તે ક્યાંક રમવા અને

ફરવા ગયો છે, તમને યોગ્ય લાગે તો અમને આશીર્વાદ આપો!"

પ્રભુભક્તે કહ્યું, "માજી હું તમને આશીર્વાદ આપવાં જ આવ્યો છું. તમે થોડા સમયમાં સુખી થશો. તમારા દીકરાને કહેજો કે એ મને પર્વતના શિખર ઉપર મળે!" કહી પ્રભુના ભક્ત તો ત્યાંથી વિદાય થયાં.

થોડી વારમાં દીકરો આવ્યો. એને હતું કે જમવાનું તૈયાર હશે. ઘેર આવી જોયું તો જમવાનું તૈયાર નહિ! એણે માને પૂછયું તો માજીએ માંડીને વાત કરી. આશીર્વાદનો ખજાનો પણ મળવાનો છે તેવું કહ્યું.

દીકરો તો બહાદુર અને નીડર હતો, એને થયું કે પર્વતના શિખર ઉપર જતાં પહેલાં તો મોટાં જંગલો ઓળંગવા પડે. થોડુંક કાચુંપાચું ખાઇ લઇ, માજીને પ્રણામ કરી, એ તો ઊપડ્યો.

છોકરાનું નામ રોશન હતું. રોશન ખૂબ બહાદુર હતો. પર્વત ઉપર પહોંચવા માટે તો ઘોર જંગલમાં થઇને જવું પડે. રોશન તો ચાલ્યો. રસ્તામાં વૃક્ષોની હારમાળા આવી. અહીંથી જ જંગલ શરૂ થતું હતું.

રસ્તામાં એણે એક હાથી જોયો. હાથીની સૂંઢ એક ઝાડની ડાળીઓમાં ફસાઇ ગઇ હતી. રોશનને જોઇ હાથીમાં થોડી આશા ઊપજી. એણે તેને પૂછયું, "તું, ક્યાં જાય છે?"

દેડકો તો ધબધબ ધબધબ કરતો ચાલવા લાગ્યો. એની પાછળ, થોડે દૂર ગભરાયેલું હરણ આવતું હતું. ચાલતાં ચાલતાં દેડકો પેલો વાઘ બેઠો હતો તે સ્થળે આવી પહોંચ્યો. વાઘ તો પોતાના શિકારની વાટ જોઈને બેઠો હતો.

"હલ્લો, બહાદુર વાઘજી કેમ મજામાં ને?" દેડકાએ પૂછ્યું.

"હા, કેમ છો?" વાઘે કંઈ બહુ રસ બતાવ્યો નહિ.

"શું આપ કોઈની વાટ જુઓ છો? આપની આંખો જાણે કોઈની વાટ જોતી લાગે છે?"

"હા, હું એક હરણની વાટ જોઉં છું."

"હરણ?" કેવી નાખી દેવા જેવી વાત કરો છો? હરણ તો કાંઈ પાછું આવતું હશે?" દેડકાએ છેક પાસે જઈ પૂછ્યું.

"હા, એ હરણે મને પાછા આવવાનું વચન આપ્યું છે," વાઘે કહ્યું.

"તો શું તમે માની લીધું છે કે હરણ પાછું આવશે?" મૂછમાં હસતાં દેડકાએ કહ્યું.

"હા, એ આવશે જ," કહી વાઘે બધી વાત માંડીને કહી સંભળાવી.

ફરી દેડકો હસ્યો. "તમે વનના રાજા થઈને આવી

વાત માની લીધી? હવે હરણ કે ફરણ કશું પાછું ન આવે. એમ કરીએ આપણે નિરાંતે બેસીએ. આપના શરીર ઉપર બહુ માંકડ કે ચાંચડ જેવા જંતુઓ દેખાય છે" દેડકાએ કહ્યું.

"હા, એ મને બહુ પજવે છે પણ હું કંઇ કરી શકતો નથી."

"અરે એમાં મૂંઝાવ છો શું કામ? હું એ માંકડ કે ચાંચડ જેવાં જંતુઓને સાફ કરી દઉં છું. આપ જરાક આડા પડો."

વાઘ તો લાંબો થઇને સૂઇ ગયો. દેડકો એના ગળા પાસે પહોંચ્યો. એકએક કરી એના વાળ તોડવા લાગ્યો એ એવી સિફતપૂર્વક તોડતો હતો કે વાઘને ઊંઘ આવી ગઇ.


વાઘ જાગ્યો તો એણે જોયું કે દેડકો લોહી જેવી ઊલટી કરતો હતો, વાઘના થોકબંધ વાળ એ થૂંકતો હતો. વાઘ તો આ જોઇને ગભરાઇ ગયો. એ તો જીવ લઇને ભાગ્યો એવો ભાગ્યો કે ન પૂછો વાત!

વાઘને નાસી ગયેલો જોઇને દેડકો ખુશ થયો. અને દૂર સંતાયેલું હરણ બીતુંબીતું આવ્યું. દેડકાએ કહ્યું, દોસ્ત, તારો દુશ્મન તો જીવ લઇને ભાગી ગયો છે. પછી હસતાં હસતાં એણે બધી વાત કહી.

ઉપકારવશ હરણ તો દેડકાના પગ આગળ પડી ગયું. દેડકાએ એને ઊભું કર્યું. અને કહ્યું, "દોસ્ત, તેં તો ઘણાની મદદ કરી છે મેં તારી મદદ કરી એમાં આભાર માનવાનો

હોય નહિ. ફરી આવું કંઇ કામ હોય, તો મને જરૂરથી બોલાવજે, કહી દેડકાએ એને પોતાનું સરનામું આપ્યું.

બંને દોસ્તદારો હસીને છૂટા પડ્યા.



# સંતના આશીર્વાદ

# સંતના આશીર્વાદ

એક નાનકડું ગામ. એક વિશાળ નદીના કિનારે વસેલું એમાં થોડાંક કુટુંબો રહે, તેમાં એક વૃદ્ધ માતા પોતાનાં દીકરા સાથે રહે. આખા ગામમાં બધાંની આર્થિક સ્થિતિ સારી નહિ. લગભગ બધાં જ ગરીબ.

આ વૃદ્ધ માતા ખૂબ મહેનત મજૂરી કરીને પોતાનું અને દીકરાનું ગુજરાન ચલાવે. દીકરો સાહસિક અને નીડર. ક્યાંય જતાં એને ડર ન લાગે.

એક દિવસની વાત છે. વૃદ્ધ મા રસોઇ કરતાં હતાં. દીકરો બહાર ગયો હતો. ઘરમાં આમ પણ હાંલ્લાં કુસ્તી કરે!

મા રસોઇ કરતાં હતાં. ત્યાં એક પ્રભુભક્ત આવ્યા. પ્રભુનાં ભક્તને ખૂબ ભૂખ લાગી હતી. થાક પણ લાગ્યો હતો. ઘરમાં જમવાનું તો ઠેકાણું નહિ. ત્યાં પ્રભુભક્તે આવી ખોરાકની માંગણી કરી.

માજી મૂંઝાયાં. દિલના એ ઉદાર હતાં. એમણે ભાવ પૂર્વક પ્રભુના ભક્તને જમાડ્યા. ખોરાક તો સાદો હતો, છતાં એમાં માજીનો ભાવ ઉમેરાયો હોવાથી પ્રભુભક્તને જમવાની મજા આવી.

જમ્યા પછી એમણે કહ્યું, “માજી, તમારા સિવાય આ ઘરમાં કોણ છે?”

માજીએ કહ્યું, “એક દીકરો છે. તે ક્યાંક રમવા અને

ફરવા ગયો છે, તમને યોગ્ય લાગે તો અમને આશીર્વાદ આપો!"

પ્રભુભક્તે કહ્યું, "માજી હું તમને આશીર્વાદ આપવાં જ આવ્યો છું. તમે થોડા સમયમાં સુખી થશો. તમારા દીકરાને કહેજો કે એ મને પર્વતના શિખર ઉપર મળે!" કહી પ્રભુના ભક્ત તો ત્યાંથી વિદાય થયાં.

થોડી વારમાં દીકરો આવ્યો. એને હતું કે જમવાનું તૈયાર હશે. ઘેર આવી જોયું તો જમવાનું તૈયાર નહિ! એણે માને પૂછયું તો માજીએ માંડીને વાત કરી. આશીર્વાદનો ખજાનો પણ મળવાનો છે તેવું કહ્યું.

દીકરો તો બહાદુર અને નીડર હતો, એને થયું કે પર્વતના શિખર ઉપર જતાં પહેલાં તો મોટાં જંગલો ઓળંગવા પડે. થોડુંક કાચુંપાચું ખાઇ લઇ, માજીને પ્રણામ કરી, એ તો ઊપડ્યો.

છોકરાનું નામ રોશન હતું. રોશન ખૂબ બહાદુર હતો. પર્વત ઉપર પહોંચવા માટે તો ઘોર જંગલમાં થઈને જવું પડે. રોશન તો ચાલ્યો. રસ્તામાં વૃક્ષોની હારમાળા આવી. અહીંથી જ જંગલ શરૂ થતું હતું.

રસ્તામાં એણે એક હાથી જોયો. હાથીની સૂંઢ એક ઝાડની ડાળીઓમાં ફસાઇ ગઇ હતી. રોશનને જોઇ હાથીમાં થોડી આશા ઊપજી. એણે તેને પૂછયું, "તું, ક્યાં જાય છે?"

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
| --- | --- | --- |
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૪. | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | રાજાધિરાજને ચરણે-છ ભાગ | ૨૮-૦૦ |
| ૭. | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમસેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૨૦-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૨૦. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | અરમાન નાટ્યસંગ્રહ | ૪૦-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | શબ ગુફાનો શહીદ અને ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત | ૧૫-૦૦ |

4BGK2

મુદ્રક : સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧